સુવિચાર

જો તમે દરેક પરિસ્થિતિમાં ખુશ છો તો, તમે દુનિયાના સૌથી ખુશ વ્યક્તિ છો!

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year:9, Issue: 214, Dt.22-06-2024 (Saturday)

Email ; saurashtrakranti@gmail.com

FOLLOW US!

saurashtrakranti

Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2024-26,VALID UP TO 31-12-2026 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧


# પેપરલીકમાં નવા કાયદાનો અમલઃ ૧૦ વર્ષની જેલ



નવી દિલ્હી, તા.૨૨

દેશમાં પેપર લીક કાયદો અમલમાં આવ્યો છે. NEET વિવાદ વચ્ચે કેન્દ્રએ આ માટે નોટિફિકેશન પણ બહાર પાડ્યું છે. ઘણા સમયથી ચર્ચા ચાલી રહી હતી કે સરકાર આ નવો અને કડક કાયદો લાગુ કરશે. હવે એ જ શ્રેણીમાં સરકારે મોડી રાત્રે નોટિફિકેશન લાગુ કરી દીધું છે. ટેકનિકલ ભાષામાં વાત કરીએ તો, પબ્લિક એક્ઝામિનેશન (પ્રિવેન્શન ઓફ અનફેર મીન્સ) એક્ટ ૨૦૨૪ની જોગવાઈઓ હવે દેશમાં અમલમાં આવી ગઈ છે.પેપર લીકને રોકવા માટે કેન્દ્ર સરકારે દેશમાં પેપર લીક વિરોધી કાયદો લાગુ કર્યો છે. આ કાયદાને લોક પરીક્ષા કાનૂન ૨૦૨૪ એટલે કે પબ્લિક એક્ઝામિનેશન (પ્રિવેન્શન ઑફ અનફેર મીન્સ) એક્ટ ૨૦૨૪ નામ આપવામાં આવ્યું છે. આ કાયદો ફેબ્રુઆરી ૨૦૨૪માં સંસદ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આ કાયદાને મંજૂરી આપી દીધી છે. આ કાયદાના અમલ પછી, પેપર લીકના દોષિતોને ત્રણ વર્ષથી ૧૦ વર્ષ સુધીની સજા અને ૧૦ લાખથી એક કરોડ રૂપિયાના દંડની જોગવાઈ છે. UPSC, SSC, રેલવે, બેંકિંગ ભરતી પરીક્ષાઓ અને NTA દ્વારા લેવામાં આવતી તમામ પરીક્ષાઓ આ કાયદાના દાયરામાં આવશે.

જો કોઈ વ્યક્તિ અથવા જૂથ મળીને આખી યોજના સાથે પેપર લીક

## પેપર ફોડનારાની હવે ખેર નથીઃ પરીક્ષામાં થતી ગેરરીતિ પર સરકાર આકરા પાણીએ

કરે છે તો ૫-૧૦ વર્ષની જેલ અને ઓછામાં ઓછા ૧ કરોડ રૂપિયાના દંડની જોગવાઈ છે. જો કોઈ સંસ્થા પેપર લીકમાં સંડોવાયેલી હોય તો તેની મિલકતનો નાશ કરવાનો અને પરીક્ષાનો સમગ્ર ખર્ચ તે સંસ્થા પાસેથી વસૂલવાનો નિયમ છે. આ કાયદા હેઠળ આરોપીઓને જામીન આપવાની કોઈ જોગવાઈ નથી. ડીએસપી કે આસિસ્ટન્ટ કમિશનરથી નીચું હોદ્દો ધરાવતા કોઈપણ અધિકારી આ કાયદા હેઠળ તપાસ કરી શકતા નથી.

જાહેર પરીક્ષા અધિનિયમ ૨૦૨૪માં ૧૫ પ્રવૃત્તિઓની ઓળખ કરવામાં આવી છે. આમાંના કોઈપણમાં સામેલ થવાથી જેલ જવાથી લઈ પ્રતિબંધિત સુધીની સજા થઈ શકે છે. આ ૧૫ પ્રવૃત્તિઓ વિશેની માહિતી નીચે આપેલ છે.

આ કાયદો આ વર્ષે ફેબ્રુઆરીમાં જ લાગુ કરવામાં આવ્યો હતો, હવે તેનું જાહેરનામું બહાર પાડીને લાગુ કરવામાં આવ્યું છે. આ કાયદા હેઠળ પેપર લીકના આરોપીને ત્રણથી પાંચ વર્ષની જેલ અને ૧૦ લાખ રૂપિયા સુધીના દંડની સજા થઈ શકે છે. સમજવા જેવી વાત એ છે કે આ પેપર લીક રેકેટ સાથે સક્રિય રીતે સંકળાયેલા આરોપીઓ અથવા જૂના ગુનેગારોને આ કાયદા હેઠળ ૧૦ વર્ષ સુધીની સજા થઈ શકે છે. આવા સંગઠિત આરોપીઓ પર ૧ કરોડ રૂપિયા સુધીનો જંગી દંડ થઈ શકે છે.

કાયદામાં કઈ પરીક્ષાઓનો સમાવેશ થાય છે? : હવે આ કાયદો મહત્વપૂર્ણ છે કારણ કે તેમાં દરેક મોટી અને મહત્વપૂર્ણ પરીક્ષાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કાયદાના અવકાશમાં રેલવે દ્વારા લેવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષાઓ, બેંકિંગ ભરતી પરીક્ષાઓ અને નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા લેવામાં આવતી તમામ કમ્પ્યુટર આધારિત પરીક્ષાઓનો સમાવેશ થાય છે. આવી સ્થિતિમાં, જો આ પરીક્ષાઓમાં કોઈપણ પ્રકારની હેરાફેરી કરવામાં આવશે તો વ્યક્તિ પાસેથી કડક કાર્યવાહી કરવામાં આવશે.

આ કાયદાનું એક મહત્વનું પાસું એ છે કે તે કમ્પ્યુટર પર લેવામાં આવતી પરીક્ષાઓની સુરક્ષા વિશે પણ વાત કરે છે. આ કાયદામાં ઉચ્ચ સ્તરીય રાષ્ટ્રીય ટેકનિકલ સમિતિની રચના કરવાની માંગ કરવામાં આવી છે. આ ઉપરાંત પરીક્ષા દરમિયાન ઈલેક્ટ્રોનિક સર્વેલન્સ અને ફૂલપ્રૂફ આઈટી સુરક્ષા વ્યવસ્થા રાખવાની પણ માંગ કરવામાં આવી છે. મોટી વાત એ છે કે આ કાયદા હેઠળ જો દોષી સાબિત થાય તો આરોપીની સંપત્તિ જપ્ત કરી શકાય છે. તપાસ એજન્સીને આ સત્તા આપવામાં આવી છે જેથી દરેક આરોપીઓ સામે કડક કાર્યવાહી કરી શકાય.

ચા - ખાંડ પણ મોંઘા

# શાકભાજીમાં વર્ષમાં ૬૫ ટકા ભાવ વધારો

## ભીષણ ગરમી વચ્ચે બટેટા, ટમેટા, ડુંગળી, દાળના ભાવમાં સતત વધારો



નવી દિલ્હી, તા.૨૨

મોંઘવારીની અસર હવે લોકોના રસોડા સુધી દેખાવા લાગી છે, મધ્યમ અને ગરીબ વર્ગના પરિવારોના ઘરમાંથી અનેક શાકભાજી ગાયબ થવા લાગ્યા છે. એક વર્ષમાં ડુંગળી, બટેટા સહિતના શાકભાજી અને અનાજના ભાવમાં ૬૫ ટકા સુધીનો વધારો થઇ ગયો છે.

ભીષણ ગરમી વચ્ચે મોંઘવારી ફરી એક વાર લોકોને હેરાન કરવા લાગે છે. છેલ્લા એક વર્ષમાં જરૂરી વસ્તુના ભાવ ૬૫ ટકા સુધી વધ્યા છે. શાકભાજીના ભાવ તો એટલા વધી ગયા છે કે મોટા ભાગના રસોડામાંથી તેના દર્શન દુર્લભ થવા લાગ્યા છે. ગ્રાહક મંત્રાલયના જણાવ્યા મુજબ ડુંગળી, બટેટા અને ટમેટાના ભાવ સૌથી વધુ વધ્યા છે. આ ઉપરાંત ચોખા, દાળ અને ખાણીપીણીની અન્ય વસ્તુઓ પણ મોંઘી બની છે.

સરકારી વેબસાઇટ પર ઉપલબ્ધ આંકડા મુજબ છેલ્લા વર્ષ ૨૧ જુને ચોખાની કિંમત પ્રતિ કિલો રૂા. ૪૦ હતી. જે હવે રૂા. ૪૫ પર પહોંચી છે. મગદાળની કિંમત ૧૦૯માંથી ૧૦ ટકા વધીને ૧૧૯ રૂપિયા સુધી પહોંચી છે. મસુર દાળનો ભાવ રૂા. ૯૨માંથી ૯૪, ખાંડનો ભાવ રૂા.૪૩માંથી ૪૫ થયો છે. દૂધ ૫૮ના બદલે ૫૯ રૂપિયા લીટર ઉપર ગયું છે. જોકે આ દરમ્યાન ખાદ્ય તેલના ભાવમાં ઘટાડો થયો છે.

સિંગતેલના ભાવ લગભગ સ્થિર છે. સરસવનું તેલ ૧૪૨ રૂપિયામાંથી ઘટીને રૂા. ૧૩૯ પ્રતિ લીટર, સોયા તેલ રૂા.૧૩૨માંથી ઘટીને ૧૨૪ પ્રતિ લીટર છે. પામોલીન તેલની કિંમત ૧૦૬માંથી ૧૦૦ થઇ છે. તો ચાની કિંમત રૂા. ૨૭૪ પ્રતિ કિલોમાંથી સામાન્ય વધારા સાથે ૨૮૦ થઇ છે.

જથ્થાબંધ બજારના આંકડા પરથી જાણવા મળે છે કે શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા છે. ફલાવર પ્રતિ કિલો રૂા.૮૦ પર વેંચવામાં આવે છે. પરવલ પણ રૂા.૬૦ના ભાવે વેંચાય છે. દૂધીનો ભાવ રૂા.૬૦ પ્રતિ કિલો છે.

ખાદ્ય પદાર્થોના ભાવ વધવાથી જથ્થાબંધ મોંઘવારી ઘટવાની ગતિ (જુઓ.પાનું.૫)


# આઠ માસ બાદ જીએસટી કાઉન્સીલની બેઠક

## મહત્વના નિર્ણયો થશેઃ ખાતરમાં ટેક્સ ઘટાડા, અપીલ પુર્વે કરચુકવણીમાં રાહત, નોટીસના સમયગાળા સહિતની દરખાસ્તો એજન્ડામાં સામેલ

નવી દિલ્હી,તા.૨૨

કેન્દ્રમાં સતારૂઢ થયેલી નવી એનડીએ સરકારનુ બજેટ આવતા મહિને રજુ થવાનુ છે તે પુર્વે આજે યોજાયેલી જીએસટી કાઉન્સીલની બેઠકમાં અનેક મહત્વના નવા ટેક્સ સુધારાના નિર્ણયો લેવામાં આવે તેવી સંભાવના છે.

પાનમસાલા, સિગારેટ જેવી આરોગ્ય માટે નુકશાનકારક ચીજોમાં લદાયેલા કોમ્પેન્સેશન સેસથી મળેલા ૭૦૦૦૦ કરોડ રૂપિયાના ઉપયોગ કયા કરવો તે વિશે ચર્ચા કરીને નિર્ણય લેવામાં આવશે. આ સિવાય ૨૦૧૭થી ૨૦૨૦ના વર્ષોની ટેક્સ નોટીસોમાં પેનલ્ટી-વ્યાજ માફ કરવા વિશે તથા ઓનલાઈન ગેમીંગ



કંપનીઓ પર ૨૮ ટકા જીએસટીના નિર્ણયની સમીક્ષા કરવામાં આવે તેવી સંભાવના છે.

આ સિવાય કાઉન્સીલ દ્વારા જીએસટી નોટીસ ઈસ્યુ કરવાની સમય મર્યાદા વિશે નિર્ણય કરે તેવી સંભાવના છે. ઉપરાંત જીએસટી રિકવરી નોટીસ સામે અપીલ કરવા માટે ૧૦ ટકાની ફરજીયાત ચૂકવણીની મર્યાદા ઘટાડીને સાત ટકા કરવા પર નિર્ણય લેવાશે. નફાખોરી વિરોધી કેસ જ નિકાલ માટે સમયમર્યાદા નકકી કરવા જેવા સુધારાત્મક નિર્ણયો થઈ શકે છે.

ઓનલાઈન ગેમીંગ, વીમા કંપનીઓ તથા માલીકી પેઢીઓ, બેંકો, એરલાઈન્સ, નોનબેંકીંગ ફાઈનાન્સીયલ કંપનીઓ તથા શીપીંગ ક્ષેત્રને મહત્વની રાહત થઈ શકે છે.

કેન્દ્ર સરકારને પાનમસાલા જેવી ચીજો પરના સેસથી ૭૦૦૦૦ કરોડ જેવી જંગી ટેક્સ આવક થઈ છે. નાણાં મંત્રાલયના એક સીનીયર અધિકારીએ જણાવ્યું હતુ કે સેસ પેટે જંગી વસુલાતથી સરકાર અનેક લોનનુ માર્ચ ૨૦૨૬ અગાઉ જ પ્રિ-પેમેન્ટ કરી શકશે. જો કે, સેસ વસુલાતના નાણાંનો ઉપયોગ કયા કરવો તે વિશે હજુ કોઈ નિર્ણય લેવાયો નથી પરંતુ આજની બેઠકમાં ચર્ચા બાદ કોઈ નિર્ણય થઈ શકે છે.

ઓનલાઈન ગેમીંગ કંપનીઓ પર દાવની આખી રકમ પર ૨૮ ટકા જીએસટી વસુલવાની જોગવાઈની પણ સમીક્ષા થઈ શકે છે. સરકારે ટેક્સ લાગુ કરતી વખતે છ માસ બાદ તેની સમીક્ષા કરવાની જાહેરાત કરી હતી. આ ટેક્સ હેઠળ ઓનલાઈન ગેમીંગ કકંપનીઓને ૭૦ નોટીસો ફટકારવામાં આવી હતી. બે વર્ષમાં ૧.૧૨ લાખ (જુઓ.પાનું.૫)

# ૨ થી વધુ બાળકો ધરાવતા લોકો મુંબઈમાં સોસાયટી કમિટી મેમ્બર નહીં બની શકેઃ બોમ્બે હાઈકોર્ટ



મુંબઈ, તા.૨૨

બોમ્બે હાઈકોર્ટે સ્પષ્ટતા કરી છે કે બે કરતાં વધુ બાળકો હોવા પર એક હાઉસિંગ સોસાયટીની મેનેજિંગ કમિટીના સભ્ય બનવા માટે અયોગ્ય બની જશે. ત્રણ બાળકો હોવાના આધારે કોઈ વ્યક્તિને ગેરલાયક ઠેરવવાના નિર્ણયને યથાવત રાખતા કોર્ટે આ નિર્ણય આપ્યો છે. વિભાગીય જોઈન્ટ રજિસ્ટ્રારે અરજદારને અયોગ્ય જાહેર કર્યા હતા. વ્યક્તિએ રજિસ્ટ્રારના આદેશ સામે હાઈકોર્ટમાં અરજી કરી હતી.

ગયા વર્ષે યોજાયેલી ચૂંટણીમાં તેઓ સમિતિના સભ્ય તરીકે ચૂંટાયા હતા. તેણીને ત્રણ બાળકો હોવાથી, સોસાયટીના બે સભ્યોએ તેની વિરૂદ્ધ પશ્ચિમી ઉપનગરોના ડેપ્યુટી રજિસ્ટ્રારને ફરિયાદ કરી હતી. આ વ્યક્તિએ ડેપ્યુટી રજિસ્ટ્રારના આદેશ સામે જોઈન્ટ રજિસ્ટ્રારને અપીલ કરી હતી, પરંતુ ત્યાંથી રાહત ન મળતાં તેણે હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો.

અરજદારે દાવો કર્યો હતો કે, મહારાષ્ટ્ર કો-ઓપરેટિવ સોસાયટી એક્ટ (MCA)ની કલમની અસર કે જેના હેઠળ તેને ગેરલાયક ઠેરવવામાં આવ્યો છે (જુઓ.પાનું.૫)

# દેશભરમાં ૫૨ જેટલી દવાઓના નમૂના તપાસમાં ફેલઃ કંપનીઓને નોટિસ

### કેન્સર, તાવ, બ્લડ પ્રેસર સહિતની દવાઓના નમૂના ફેલઃ એકલા હિમાચલ પ્રદેશમાં જ ૨૨ દવાના સેમ્પલ ફેલ



નવીદિલ્હી, તા.૨૨

દેશભરમાં નિર્મિત ૫૨ દવાઓના સેમ્પલ તપાસમાં ફેલ થયા છે, જેમાં સૌથી વધુ હિમાચલ પ્રદેશમાં બનેલી ૨૨ દવાઓનો સમાવેશ થાય છે.

ડ્રગ કંટ્રોલર મનીષ કપૂરે જણાવ્યું હતું કે, ફેલ થયેલ દવાના ઉદ્યોગોને નોટીસ મોકલવામાં આવશે. બજારમાંથી દવાના સ્ટોકને પરત ખેંચી લેવામાં આવશે મેના ડ્રગ એલર્ટમાં આ સેમ્પલ ફેલ થય છે.

હિમાચલમાં દવાના સેમ્પલ લેવાનું પ્રમાણ અન્ય રાજયોની તુલનામાં ૯૦ ટકા વધુ છે. કેન્દ્રીય ઔષધિ નિયંત્રણ સંગઠને દેશભરમાં દવાઓના સેમ્પલ લેવાયા હતા.

તેમાં દેશમાં ૫૨ દવાઓ ધોરણોમાં ખરી નહોતી સાબિત થઈ. હાઈ બ્લડ પ્રેસર, કેન્સર, દર્દ, જીવાણુ સંક્રમણ, અલ્સર, ઉધરસ, એલર્જી, વાયરસ, સંક્રમણ, એસિડીટી, ખંજવાળ, અને તાવના દવાના સેમ્પલ ખરા નહોતા મળ્યા.

# કાયદાના 3000 વિદ્યાર્થીઓનું ભાવિ અધ્ધરતાલ

## ૧૭ સરકારી લો કોલેજો બીસીઆઇના નિયમોનું પાલન કરવામાં નિષ્ફળઃ કોલેજોએ હાઇકોર્ટમાં કરેલ અરજીની ૨૫ જૂને સુનાવણી



નવી દિલ્હી, તા.૨૨

ગુજરાતમાં ૧૭ સરકારી સહાયિત કોલેજોના ૩,૦૦૦ થી વધુ કાયદાના વિદ્યાર્થીઓ અનિશ્ચિત ભવિષ્યનો સામનો કરી રહ્યા છે. કોલેજો પાસે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (BCI) તરફથી જરૂરી માન્યતાનો અભાવ છે, જેના કારણે તેઓના વકીલ બનવાના સપના જોખમમાં મૂકાયા છે.

કોલેજોએ ઉકેલ માટે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી છે, જેની સુનાવણી ૨૫મી જૂને નક્કી કરવામાં આવી છે.

આ બાબતનો મુખ્ય આધાર BCI માન્યતા મેળવવામાં રહેલો છે, જે કાયદાના તાતકો માટે ઓલ ઈન્ડિયા બાર એક્ઝામિનેશન (AIBE) આપવા માટેની પૂર્વશરત છે. દેશમાં કાયદાની પ્રેક્ટિસ કરવા માટે લાયસન્સ મેળવવા માટે AIBE પાસ કરવું જરૂરી છે.

આ માન્યતા વિના, આ મહત્વાકાંક્ષી વકીલો અવઢવમાં રહી જાય છે, પરીક્ષામાં હાજર રહી શકતા નથી અને તેથી પ્રેક્ટિસ કરવા અસમર્થ હોય છે. દરેક કોલેજમાં વાર્ષિક ૧૮૦ વિદ્યાર્થીઓની નોંધણી સાથે, અસરગ્રસ્ત વિદ્યાર્થીઓની સંખ્યા સતત વધતી જાય છે.

આ મુદ્દો સુપ્રીમ કોર્ટના ગયા ફેબ્રુઆરીના ચુકાદાથી ઉભો થયો છે, જેણે લો કોલેજોને માન્યતા આપવા માટે BCIની સત્તાને સમર્થન આપ્યું હતું. સરકારી સહાયિત કોલેજોને દર ૬૦ વિદ્યાર્થીઓએ ચાર મુખ્ય ફેકલ્ટી સભ્યોની જરૂર પડે છે.

જો કે, ૧૮૦ વિદ્યાર્થીઓની નોંધણી કરવા છતાં, સરકારી ભંડોળની મર્યાદાઓથી બંધાયેલી આ કોલેજો વધુમાં વધુ ચાર શિક્ષકોને જ નોકરી આપી શકે છે. આ ફેકલ્ટીની અછત, અન્ય અપૂર્ણ BCI અનુપાલન આવશ્યકતાઓ સાથે, BCI દ્વારા માન્યતા રોકવામાં પરિણમી છે.

ગાંધીનગરની એક સહિત સાત કોલેજોએ અગાઉ (જુઓ.પાનું.૫)

# ગુજરાતના 30 તાલુકામાં ઝાપટાથી માંડી દોઢ ઈંચ વરસાદ

### વલ્લભીપુરમાં દોઢ, રાણપુરમાં એક ઇંચ વરસ્યો

અમદાવાદ, તા.૨૨

ગુજરાતમાં હજુ ચોમાસુ જામતુ નથી ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં રાજયના ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર સહિતના 30 જિલ્લામાં ઝાપટાથી માંડી દોઢ ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે.

ભાવનગર જિલ્લાના વલ્લભીપુરમાં ૩૭, બોટાદના રાણપુરમાં ૨૨, નવસારીના ચીખલીમાં ૨૦, ઉમરાળામાં ૧૯, પારડીમાં ૧૯, ચુડામાં ૧૯ મીમી વરસાદ પડયો હતો. આ ઉપરાંત ભાવનગર-બોટાદમાં ૧૪-૧૪, વાપીમાં ૧૩ મીમી વરસાદ પડયો છે. બરવાળા, જેસર, સિહોર જેવા ભાવનગર જિલ્લાના તાલુકામાં ભારે ઝાપટા પડયા હતા. બાબરા, ગઢડા, ઘોઘા, પાલીતાણા, તળાજામાં ઝાપટા વરસ્યા હતા. રાજકોટ જિલ્લાના વિંછીયા, અમદાવાદના ધંધુકા, નડીયાદમાં પણ ઝાપટા પડયાની નોંધ રાજયના કંટ્રોલ રૂમમાં હતી.

# ઓફિસમાં મોડા આવનારની ખેર નથી : સરકારે સમય નક્કી કર્યો

## ૧૫ મિનિટથી વધુ મોડા આવનારે પગલા માટે તૈયાર રહેવુ પડશે



નવી દિલ્હી, તા.૨૨

ઓફિસમાં મોડા પહોંચનારાઓની ચિંતામાં વધારો કરે એવા સમાચારો બહાર આવી રહ્યા છે. કેન્દ્ર સરકારે સ્પષ્ટ કહ્યું છે કે ઓફિસમાં ૧૫ મિનિટથી વધુ મોડા આવનારને માફ કરવામાં આવશે નહીં. તેઓ કાર્યવાહીનો સામનો કરવા તૈયાર રહેવું પડશે. દેશભરના કર્મચારીઓને સૂચના આપવામાં આવી છે કે તેઓ સવારે ૯.૧૫ વાગ્યા સુધીમાં ઓફિસમાં આવીને તેમની હાજરી માર્ક કરે. આ ઉપરાંત વરિષ્ઠ અધિકારીઓ સહિત તમામ કર્મચારીઓને પણ બાયોમેટ્રિક સિસ્ટમનો ઉપયોગ કરવા માટે કહેવામાં આવ્યું છે. તમને જણાવી દઈએ કે કોરોના સંક્રમણ બાદ તેનો ઉપયોગ બંધ કરી દેવામાં આવ્યો હતો.

કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ ઑફ પર્સોનેલ એન્ડ ટ્રેનિંગ **(DoPT)** એ મહત્તમ ૧૫ મિનિટના વિલંબને માફ કરવાનો નિર્ણય લીધો છે. કર્મચારીઓને ચેતવણી આપવામાં આવી છે કે જો તેઓ સવારે ૯.૧૫ વાગ્યા સુધીમાં ઓફિસે નહીં આવે તો અડધા દિવસની કેઝ્યુઅલ લીવ કાપવામાં આવશે.

સરકારી કર્મચારીઓ માટે જારી કરાયેલા આદેશમાં કહેવામાં આવ્યું છે કે, જો કોઈ કારણોસર કર્મચારી કોઈ ચોક્કસ દિવસે ઓફિસમાં હાજર રહી શકતો નથી, તો તેણે તેની જાણ કરવી પડશે. તેણે કેઝ્યુઅલ રજા માટે અરજી કરવી પડશે. કેન્દ્ર સરકારની કચેરીઓ સવારે ૯ વાગ્યાથી સાંજના ૫.૩૦ વાગ્યા સુધી ખુલ્લી રહે છે, પરંતુ જુનિયર સ્તરના કર્મચારીઓ માટે મોડું આવવું અને વહેલું નીકળી જવું સામાન્ય બાબત છે. વરિષ્ઠ અધિકારીઓ કહે છે કે ઓફિસનો કોઈ નિશ્ચિત સમય નથી. અમે કામ પણ ઘરે લઈ જઈએ છીએ. તેઓ સામાન્ય રીતે સાંજે ૭ વાગ્યા પછી નીકળી જાય છે. આ સિવાય, તે દલીલ કરે છે કે કોવિડ પછી, લોકો ઘણીવાર રજાઓ અથવા સપ્તાહના અંતે ઇલેક્ટ્રોનિક ફાઇલો પર ઘરેથી કામ કરે છે.

૨૦૧૪માં સત્તા સંભાળ્યા બાદ મોદી સરકારે ઓફિસ સમય લાગુ કરવાની માંગ કરી હતી. જેનો કર્મચારીઓએ વિરોધ કર્યો હતો. કેટલાકની દલીલ હતી કે તેઓ લાંબા અંતરની મુસાફરી કરે છે. અધિકારીઓ અને કર્મચારીઓ સમયસર ઓફિસે આવે તે માટે આધાર આધારિત બાયોમેટ્રિક સિસ્ટમ લગાવવામાં આવી હતી. ઘણા વરિષ્ઠ અધિકારીઓએ તેમની હાજરી કરવા માટે કતારોમાં ઉભા રહેવાનું ટાળવા માટે તેમના ડેસ્ક પર બાયોમેટ્રિક ઉપકરણો ઇન્સ્ટોલ કર્યા હતા. હવે સરકાર ફરી એક્શનમાં જોવા મળી રહી છે. બાયોમેટ્રિક સિસ્ટમ પુનઃસ્થાપિત કરવાના આદેશો જારી કરવામાં આવ્યા છે.

# રાજકોટ ખાતે બ્રાહ્મણ પરિવારના યુવાન અર્જુન વ્યાસના હત્યારા વિરુધ્ધ કડક કાર્યવાહી કરી ફાંસીની સજા આપવા માંગ


તસવીરઃ દિલીપ ગોહેલ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૨૨: તાજેતરમાં રાજકોટ ખાતે બ્રાહમણ સમાજ ના યુવાન અર્જુન પ્રફુલ્લભાઈ વ્યાસ (ઉ.વ.૨૦) વર્ષ જેઓ પરિવાર સાથે રાજકોટ ખાતે ગાંધીગ્રામ વિસ્તારમાં શેરી નં.૮ બ માં શાંતિ કુંજ મકાનમાં રહેતા હોય તા.૨૦-૬ ના રાત્રિના એમનો મિત્રો દ્વારા કરવામાં નિર્મમ હત્યાના આરોપીઓ વિરુધ્ધ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવે અને ફાંસી ની સજાની માંગણી બ્રહમ સેના દ્વારા લોકોમાં ઉઠી રહેલ માંગણી સાથે ઉગ્ર રોષ ની લાગણી સાથે રાજકોટ ખાતે તા.૨૨-૬-૨૦૨૪ના રોજ બ્રાહમણ પરિવારના વિવિધ આગેવાનો અને સમાજ ના શ્રેષ્ઠીઓ કાર્યકર્તાઓ અને વિવિધ જ્ઞાતિના ભાઈ-બહેન વડીલો સૌ દ્વારા સ્વ.અર્જુન પ્રફુલ્લભાઈ વ્યાસ ની હત્યા ના બનાવની દુઃખ દાયી લાગણી અને સમર્થન આપવા એમના પરિવારને આવારા તત્વો થી ભયમુક્ત સુરક્ષા મળી રહે અને આવી ઘટના ન બને માટે કાયદો વ્યવસ્થા સાથે કાનુની સહકાર મળી રહે એવી લાગણી સાથે ગુનેગારને ફાંસી ની સજાની માંગણી સાથે રાજકોટ ખાતે પોલીસ કમિશનરના માર્ગદર્શન હેઠળ ઉપરોક્ત વિગત અનુસાર કાર્યવાહી કરવામાં આવે તથા ગુજરાત રાજ્યના ગૃહમંત્રીની સુચિત કરવા લેખીત રજૂઆત કરવામાં આવે છે. સ્વ.અર્જુન વ્યાસ ની હત્યા ની ફરિયાદ એમના પરિવાર દ્વારા ગાંધીગ્રામ વિસ્તારમાં પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. તેની નોંધ લેવા નમ્ર વિનંતી સાથે આવેદન પત્ર પાઠવવીએ છીએ.

# સરસ્વતી શિશુમંદિરમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાઈ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૨૨

વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન તેમજ સૌરાષ્ટ્ર શિક્ષણ અને સેવાસમાજ ટ્રસ્ટ સંચાલિત સરસ્વતી શિશુમંદિરમાં ૨૧ જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શહેરના મારૂતિનગર ખાતે આવેલા પ્રવીણકાકા મણીઆર કેમ્પસમાં વિદ્યાર્થીઓ, વાલીઓ, પ્રધાનાચાર્યો, આચાર્યો, ટ્રસ્ટીમંડળ, શૈક્ષણિક સ્ટાફ પરિવારે સામૂહિક યોગાભ્યાસ કર્યો હતો.

સરસ્વતી શિશુમંદિરના સભ્યો દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે પ્રાણાયામ, ધ્યાન, સવાશન, વ્રજાસન, બાલાસન, તાડાસન જેવા યોગનાં વિવિધ આસન-યોગાસન કરવામાં આવ્યા હતા. વિશ્વ યોગ દિવસ નિમિત્તે સરસ્વતી શિશુમંદિરના ચેરમેન અપૂર્વભાઈ મણીઆરે જણાવ્યું હતું કે, વૈશ્વિક વિરાસત યોગ ભારતીય સંસ્કૃતિની ઉત્તમ દેન છે. યોગ ભારતીય પરંપરા અને જીવનશૈલીનો એક ભાગ હોય દરેક વ્યક્તિએ નિયમિતપણે યોગ કરવા જરૂરી છે. યોગયુક્ત માણસ રોગમુક્ત બની જાય છે. દરેક વ્યક્તિએ યોગને પોતાની દિનચર્યામાં સ્થાન આપવું જોઈએ.

# સ્વામિનારાયણ ગુરૂકુળ રાજકોટમાં યોગ દિવસની ઉજવણી



રાજકોટ: ૨૧ જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિન નિમિત્તે સ્વામિનારાયણ ગુરૂકુળ ઢેબર રોડ રાજકોટ ખાતે યોગ દિનની ઉજવણી વિશ્વપ્રસિદ્ધ સંસ્થા 'આર્ટ ઓફ લિવિંગ'ના સથવારે કરવામાં આવી હતી .

આર્ટ ઓફ લિવિંગ સંસ્થાના ગુજરાત પ્રદેશના નેતૃત્વ કરનારા એવા ભરતભાઈ ગણાત્રા, જસુભાઇ ઠોરીયા, ઉમેશભાઈ થોભાણી, ધર્મેશભાઈ ભૂત, સંદીપભાઈ કારીયા, ચેતનભાઇ પારેખ વગેરેની ટીમ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને યોગનું મહત્વ સમજાવી વિવિધ યોગાસનો અને પ્રાણાયામ કરાવ્યા હતા. શાળાના પ્રિન્સિપાલ દવેએ મહાનુભાવનો પરિચય અને પ્રાથમિક માહિતી આપી હતી. ઉપસ્થિત તમામ મહાનુભાવોનું શાસ્ત્રી પૂજ્ય હરિપ્રિયદાસજી સ્વામીના હસ્તે ફૂલહાર અને મમેન્ટોથી સન્માન કરાયું હતું.

આ તકે પૂજ્ય પૂર્ણપ્રકાશ સ્વામી, પૂજ્ય શ્રીકૃષ્ણ સ્વામી, પૂજ્ય સત્ય સંકલ્પદાસજી સ્વામી, પૂજ્ય તીર્થ વંદન સ્વામી વગેરે ઉપસ્થિત રહી યોગાસનો કર્યા હતા. કાર્યક્રમમાં મહેશભાઈ વાડદોરીયા, જતીનભાઈ સાવલિયા, તીર્થરાજભાઈ તેમજ વ્યવસ્થાપક ભાઈઓએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

# રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવાયો



રાજકોટઃ ૨૧મી જુને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવામાં આવે છે. રાજકોટ જીલ્લા ભાજપ પ્રભારી ધવલભાઈ દવેના માર્ગદર્શન અને જીલ્લા અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયાના નેતૃત્વમાં જીલ્લાના મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયાના માર્ગદર્શનમાં રાજકોટ જીલ્લાના તમામ મંડલો અને રાજકોટ જીલ્લાના તમામ બૂથ ઉપર આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવામાં આવ્યો હતો. આ યોગ દિવસમાં રાષ્ટ્રીય અને પ્રદેશ સ્તરની જવાબદારી ધરાવતા તમામ અગ્રણી, જીલ્લાના પદાધિકારી અને કારોબારી સભ્ય, જીલ્લા મોરચાના પદાધિકારી અને કારોબારી સભ્ય, સાંસદ (વર્તમાન અને પૂર્વ), ધારાસભ્ય (વર્તમાન અને પૂર્વ), બોર્ડ-નિગમના ચેરમેન, વા.ચેરમેન, ડિરેક્ટર (વર્તમાન અને પૂર્વ), જીલ્લા સ્તરની સહકારી સંસ્થાના ચેરમેન, વાઈસ ચેરમેન, ડિરેક્ટરો (વર્તમાન અને પૂર્વ), જીલ્લા અને મંડલના સેલ-આયામ-પ્રકલ્પના સભ્ય, જીલ્લા તેમજ મંડલના ઇન્ચાર્જ અને સહ-ઇન્ચાર્જ, મંડલ પક્ષના અને મોરચાના પદાધિકારી, શક્તિકેન્દ્ર ઇન્ચાર્જ/ સહ-ઇન્ચાર્જ, નગરપાલિકા, તાલુકા પંચાયત, જીલ્લા પંચાયતની ગત ચૂંટણી લડેલા ઉમેદવાર, તાલુકાની સહકારી સંસ્થાના ચેરમેન, વાઈસ ચેરમેન, ડીરેકટરો (વર્તમાન અને પૂર્વ), બુથના પ્રમુખ-મંત્રી (ગ્રામીણ અને શહેરી), મંડલના કારોબારી સભ્ય અને મોરચાના કારોબારી સભ્ય (ગ્રામીણ અને શહેરી), જીલ્લાના સક્રિય સભ્ય સહીતના કાર્યકર્તાઓ આ યોગ દિવસમાં જોડાયા હતા. તેમ રાજકોટ જીલ્લા ભાજપ પ્રેસ-મીડિયા ઇન્ચાર્જ, સહ-ઇન્ચાર્જની યાદીમાં જણાવે છે.

# ગાર્ડી વિદ્યાપીઠ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી




રાજકોટઃ છેલ્લા ૧૦ વર્ષોથી પ્રતિવર્ષ જૂનની ૨૧ તારીખે સમગ્ર વિશ્વમાં યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જેની શરૂઆત ૨૦૧૪ માં થઈ. યુનાઈટેડ નેશન્સ દ્વારા આ વર્ષે યોગા ફોર સેલ્ફ, યોગા ફોર સોસાયટી સેન્ટ્રલ થીમ નક્કી કરવામાં આવેલી જે હેઠળ કાલાવડ રોડ પર આણંદપર ખાતે આવેલ શ્રીમતી ટી.વી. મહેતા ચેરીટેબલ ફાઉન્ડેશન સંચાલિત ગાર્ડી વિદ્યાપીઠ સંલગ્ન કોલેજ વી.એમ. મહેતા ઇન્સ્ટીટ્યુટ ઓફ આયુર્વેદ દ્વારા સવારે ૭:૩૦ થી ૯ સુધી યોગ પ્રાણાયામ માર્ગદર્શન અને તાલીમ અંગે શિબિરનું આયોજન કરવામાં આવેલું.

આ શિબિરમાં યોગ બોર્ડ અને ભારત સરકાર દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શિકા અનુસાર તમામ યોગ અંગે પ્રાથમિક માહિતી,માર્ગદર્શન અને પ્રણાલિકાની તાલીમ આપવામાં આવેલી. આયોજનના પ્રારંભમાં આયુર્વેદિક કોલેજના વિદ્યાર્થિની બહેનો દ્વારા તૈયાર કરવામાં આવેલ યોગના આસનોને સાંકળી લેતી સુંદર ડાન્સ રજૂ થયો અને ત્યારબાદ પ્રાર્થના સાથે યોગની શરૂઆત કરવામાં આવેલી જેનું સંચાલન ડો. તેજન ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં અષ્ટાંગ યોગથી લઈને પ્રાણાયામ, સૂર્ય નમસ્કાર અને અન્ય યોગ પ્રક્રિયાઓનું દૈનિક જીવનમાં મહત્વ વિશે પણ જાણકારી આપવામાં આવી. તદુપરાંત શિબિરાર્થીઓ દ્વારા તાડાસન, વૃક્ષાસન, પાદ હસ્તાસન, ત્રિકોણાસન, વજ્રાસન, શશાંકાસન તેમજ સૂર્યનમસ્કાર અને જાહેર યોગ પ્રેક્ટિસની માર્ગદર્શિકા મુજબના આસનો તથા અનુલોમ વિલોમ, કપાલભારતી તેમજ ભ્રામરી પ્રાણાયામ કરવામાં આવેલ.

આ શિબિરમાં ગાર્ડી વિદ્યાપીઠ હેઠળની તમામ સંસ્થાઓના પ્રિન્સીપાલ, સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓ અને સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી જય મહેતા પણ ઉત્સાહપૂર્વક જોડાયા હતા અને અંદાજે ૨૫૦ થી વધુ લોકોએ સમુહમાં યોગાભ્યાસ કરી દૈનિક જીવનમાં યોગને ફક્ત કસરત નહિ પણ શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે જીવનશૈલીની એક પ્રણાલી સ્વરૂપે સ્વીકારવા કટિબદ્ધતા પ્રદર્શિત કરી હતી. અંતમાં વિશ્વ બંધુત્વ અને સર્વે ભવન્તુ સુખીનઃ ની ભાવના સાથે શાંતિમંત્રનું પઠન કરી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવેલ.

# તમામ આંગણવાડી કેન્દ્રો ખાતે "વિશ્વ યોગ દિવસ" ની ઉજવણી કરાઈ





રાજકોટઃ આંતરરાષ્ટ્રીય સ્તરે યોગનું મહત્વ વધે તે હેતુથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રયાસોથી વિશ્વ સંસ્થા યુનો દ્વારા માન્યતા આપીને દર વર્ષની ૨૧ મી જૂનના દિવસને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવેલ છે. જે અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકામાં કાર્યરત આઈ.સી.ડીએસ. અર્બન વિભાગના તમામ આંગણવાડી કેંદ્રો ખાતે તા.૨૧/૬ ના રોજ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવેલ છે. નાયબ મ્યુનિસિપલ કમિશનર સ્વપનિલ ખરે તથા પ્રોગ્રામ ઓફિસર ડો.લલીત વાંજાના માર્ગદર્શન હેઠળ અર્બન ઘટકના તમામ સંકલિત બાળવિકાસ યોજના અધિકારી, સેજાના તમામ મુખ્ય સેવિકા, તેમજ પી.ઓ.સેલના ડીસ્ટ્રીકટ પ્રિ-સ્કુલ ઈનસ્ટ્રકર અને અર્બન ઘટકના તમામ પ્રિ-સ્કુલ ઈનસ્ટ્રકરના પ્રયત્નોથી અને મહાનગરપાલિકા ખાતે કાર્યરત તમામ આંગણવાડીના કાર્યકર અને તેડાગર બહેનોના સહિયારા પ્રયાસથી વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવેલ છે.

વધુમાં વધુ લોકો યોગનું મહત્વ સમજે અને બાળકો શારીરિક અને માનસિક રૂપથી સ્વસ્થ રહે તે હેતુથી બાળકોના વાલીઓને પણ સહભાગી બનાવીને દરેક આંગણવાડીમાં બાળકોને વિવિધ યોગ અને પ્રાણાયામ કરાવી અને બાળકો દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવેલ હતી. બાળકોની સાથે વાલીઓને પણ યોગનું મહત્વ સમજી અને યોગ કરેલ હતા વધુમાં આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા યોગ વિષે સમજ આપાઈ હતી.

# વડિયાની શ્રી સુરગવાળા હાઈસ્કૂલ ખાતે તાલુકા કક્ષાના યોગ દિવસની ઉજવણી કરાઈ



વડિયાઃ સમગ્ર વિશ્વમાં ૨૧મી જૂનના દિવસને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે આ યોગએ ભારતીય શાસ્ત્રો અને ઋષિમુનિઓના મત મુજબ શરીરીક અને માનસિક સ્વાસ્થ્ય સારુ રાખવા માટે ખુબ જરૂરી છે.ત્યારે સમગ્ર વિશ્વમાં યોગ દિવસની ઉજવણી થઇ છે તેના ભાગરૂપે વડિયા કુંકાવાવ તાલુકા કક્ષાનો યોગ દિવસની ઉજવણીનો કાર્યક્રમ વડિયા ગ્રામપંચાયત સંચાલિત શ્રી સુરગવાળા હાઈસ્કૂલ ખાતે યોજાયો હતો જેમા વહેલી સવારે છ વાગ્યાથી સમગ્ર તાલુકા ભરના અધિકારીઓ, પદાધિકારીઓ, કર્મચારી અને સ્થાનિક લોકો હાજર રહી યોગ કરીને ઉજવણી કરાઈ હતી આ ઉજવણીમાં તાલુકા વિકાસ અધિકારી જોશી ઇન્ચાર્જ મામલતદાર રાહુલભાઈ, હિતેષભાઇ કુલદીપભાઈ પીએસઆઇ ગળચર સહીત સમગ્ર તાલુકાના વિવિધ વિભાગના કર્મચારીઓ સહીત પાંચસોથી વધુ લોકો જોડાયા હતા. શ્રી સુરગવાળા હાઈસ્કૂલનુ સમગ્ર પટાગણ ભરચક ભરાતા વહેલી સવારે યોગ કરતા લોકોનું સુંદર દ્રસ્ય નિર્માણ થતુ જોવા મળ્યું હતું.

# મારવાડી યુનિવર્સિટીએ ફેકલ્ટી સભ્યો સ્ટાફ અને ૫૪ દેશોના વિદ્યાર્થીઓ સાથે મળી આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી




રાજકોટઃ રાજકોટમાં મારવાડી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, ફેકલ્ટી સભ્યો અને સ્ટાફે ૨૧ જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરી હતી. આ કાર્યક્રમમાં ભારત સહિત ૫૪ દેશોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શારીરિક શિક્ષણ અને રમતગમત વિભાગની આગેવાની હેઠળ, યુનિવર્સિટી કેમ્પસના ઇનર સેમિનાર હોલ ખાતે સવારે ૯ થી ૧૧ દરમિયાન યોજાયેલા આ કાર્યક્રમમાં ભાગ લેનારા લોકોએ વિવિધ યોગાભ્યાસ સાથે પ્રેક્ટિકલ યોગ સેશન્સ યોજાયા હતા. જેમાં યોગ અંગે ફેસિલિટેટર્સ દ્વારા માહિતી પ્રદાન કરવામાં આવી હતી.

દરવર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અને એક્ટિવિટી ચોક્કસ થીમ આધારિત હોય છે. આ વર્ષ ૨૦૨૪ની થીમ યોગ ફોર સેલ્ફ એન્ડ સોસાયટી (સ્વંય અને સમાજ માટે યોગ) હતી. લોકોની તંદુરસ્તી અને શારિરિક-માનસિક સુખાકારીમાં વધારો કરવામાં ફાળો આપતો યોગ છેલ્લા ઘણા વર્ષોથી વિશ્વભરમાં પ્રચલિત બન્યો છે.

યોગ એક્સપર્ટ મમતાબેન ગુરૂતત્વના સાનિધ્ય અને માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીના ફેકલ્ટી સભ્યો અને વિદ્યાર્થીઓએ યોગ કર્યા હતા. સાત વર્ષનો બહોળો અનુભવ ધરાવતા મમતાબેન ગુજરાત સ્ટેટ યોગ બોર્ડ સાથે સર્ટિફાઈડ યોગ કોચ તરીકે સંકળાયેલા છે. તેઓએ સહભાગીઓને યોગના વિવિધ આસનો, સ્થિતિ, ફ્લેક્સિબિલિટીમાં વધારો કરતી ટેક્નિક, બેલેન્સ સહિતની બાબતો વિશે જ્ઞાન આપ્યું હતું.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસના ભાગરૂપે, યુનિવર્સિટીએ તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફ સભ્યો માટે યોગ પ્રદર્શન અને પાંચ પ્રાકૃતિક તત્વોનો અનુભવ કરવા પર વિશેષ સત્રનું પણ આયોજન કર્યું હતું

કાર્યક્રમમાં દક્ષિણ આફ્રિકા, યુગાન્ડા, મોઝામ્બિક, લાઈબેરિયા, નાઈજીરિયા, ઈથોપિયા, દક્ષિણ સુદાન, સુદાન, સ્વાઝીલેન્ડ, તાંઝાનિયા, રવાન્ડા, માલાવી, ઝામ્બિયા, ગામ્બિયા, કેન્યા, બુરુન્ડી અને ભારત સહિત ૫૪ દેશોના વિદ્યાર્થીઓના વિશાળ સમૂહો જુસ્સા અને સુખાકારી માટે જોડાયા હતા. મારવાડી યુનિવર્સિટી ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી એ એક સુંદર સાંસ્કૃતિક જોડાણ હતું જેણે યોગની સાર્વત્રિક અપીલને પ્રકાશિત કરી હતી.

મારવાડી યુનિવર્સિટીના પ્રો વાઈસ ચાન્સેલર ડો. આર.બી. જાડેજાએ આ કાર્યક્રમની સફળતા વિશે જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય યોગ દિવસ એ સ્વસ્થ જીવન જીવવાના ઉદ્દેશ્યની પ્રાચીન ભારતીય શિસ્તનો વારસો છે. યોગ માત્ર શારીરિક કસરતો વિશે જ નથી પણ તેમાં શ્વાસ લેવાની કસરત અને ધ્યાન પણ સમાવિષ્ટ છે. મારવાડી યુનિવર્સિટીમાં અમારા સાથી ભારતીય અને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની ઉત્સાહપૂર્વક ભાગીદારી યોગની વૈશ્વિક સુસંગતતા રજૂ કરે છે. આ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવા બદલ અમે ગર્વ અનુભવીએ છીએ. જે શારીરિક સ્વાસ્થ્યને જ પ્રોત્સાહન આપવા ઉપરાંત અમારા વિદ્યાર્થીઓ, ફેકલ્ટી અને સ્ટાફ સભ્યોની માનસિક અને ભાવનાત્મક સુખાકારીમાં વધારો કરે છે. રોજિંદા જીવનમાં યોગને સમાવિષ્ટ કરવાની પ્રતિબદ્ધતા સાથે આ કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

## તંત્રી લેખ

# ઓર્ગેનિક બજાર...

અશુદ્ધ હવા, પ્રદૂષિત પાણી અને ઝેરી ખોરાકના કારણે તેમના સ્વાસ્થ્ય અને જીવનશૈલી પર ગંભીર અસર પહોંચી રહી છે એ વાતથી મોટી સંખ્યામાં ભારતીયો વાકેફ થઈ રહ્યા છે. આંતરરાષ્ટ્રીય સંપર્કમાં વધારો અને સંચારની બહુવિધ ચેનલોની પહોંચને કારણે શહેરી વિસ્તારોની જીવનશૈલીમાં વધતા જતા રોગો અંગે ચિંતા વધી છે. અર્બન ઈન્ડિયા પાસે સ્વાસ્થ્ય જાગૃતિને આગળ લાવવા બદલ આભાર માનવા માટે સોશિયલ મીડિયા છે. આનાથી એમને ખેતીમાં વપરાતા રસાયણોની હાનિકારક અસરો વિશે વધુ માહિતી હવે મળી ગઈ છે. મીડિયાએ એક ચોક્કસ જાગૃતિ પણ ઊભી કરી છે કે મોટાભાગના રોગોથી બચવા માટે આહાર અને જીવનશૈલીમાં પરિવર્તન હવે અનિવાર્ય છે. રોગોથી બચી શકાય છે. સેલિબ્રિટીઝ લોકોને ઓર્ગેનિક આહારથી પ્રાપ્ત થતું સ્વાસ્થ્ય અને ખાદ્ય સુરક્ષા મુદ્દાઓ વિશે પણ જાગૃત કરી રહ્યા છે. આ સામાન્ય જાગૃતિ વધુને વધુ લોકોને ઓર્ગેનિક ખોરાક તરફ આકર્ષવામાં મદદરૂપ થઈ છે.

જૈવિક ઉત્પાદનોને, રાસાયણિક ખાતરો અને જંતુનાશકો વિના સામાજિક અને પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલ અભિગમ સાથે ઉગાડવામાં આવે છે. ઓર્ગેનિક ફૂડ આપણને સ્વસ્થ જીવનનો વિકલ્પ આપે છે. એ ખાતરી આપે છે કે ઝેરી જંતુનાશકો, કૃત્રિમ ખાતરો અથવા આનુવંશિક રીતે સંશોધિત સજીવો (જીએમઓ)નો ઉપયોગ ઓર્ગેનિક ખોરાકના ઉત્પાદનમાં થતો નથી, અને પ્રાણીઓને એન્ટિબાયોટિક્સ અથવા વૃદ્ધિ હોર્મોન્સ આપવામાં આવતા નથી. વાસ્તવમાં, તે ગ્રાહકોને આશ્વાસન આપે છે કે જમીનની ફળદ્રુપતા અને પુનઃજનન ક્ષમતાને સાચવતી વખતે ખેતીના ઉચ્ચ ધોરણોને પૂર્ણ કરવામાં આવ્યા છે. ભારતમાં, હાલમાં ઓર્ગેનિક ખોરાકનો વપરાશ મોટાભાગે મેટ્રોપોલિટન શહેરો અને તેમના પડોશી વિસ્તારો પૂરતો મર્યાદિત છે. ગ્રામીણ ભારત હજુ પણ ઓર્ગેનિક ફૂડના ફાયદાઓથી સંપૂર્ણપણે વાકેફ નથી. જો કે, પરંપરાગત ખેતી પદ્ધતિઓના તેમના ઐતિહાસિક જ્ઞાને તેમને તીવ્ર શહેરી ખાદ્ય પ્રદૂષણથી સુરક્ષિત કર્યા છે.

ફળો અને શાકભાજીમાં રહેલા વિષાણુ તત્ત્વો અને બાળકો પર તેની ખરાબ અસરોએ સૌ પ્રથમ માતા-પિતાનું ધ્યાન ઓર્ગેનિક ખોરાક તરફ દોર્યું. આજે, નિર્ણય ગ્રાહકો પર છોડી દેવામાં આવ્યો છે, કારણ કે મોટાભાગની ખાદ્ય શ્રેણીઓમાં વપરાશ માટે નિયમિત અને ઓર્ગેનિક સંસ્કરણો ઉપલબ્ધ છે. ઓર્ગેનિક ખાદ્ય ઉત્પાદનને પ્રોત્સાહિત કરવા માટે, ભારત સરકારે નેશનલ પ્રોગ્રામ ફોર ઓર્ગેનિક પ્રોડક્શન (NPOP)નો અમલ કર્યો છે. NPOP હેઠળ, ઓર્ગેનિક સર્ટિફિકેશનનો વિસ્તાર પહેલેથી જ ૩.૫૬ મિલિયન હેક્ટરને વટાવી ગયો છે. રાજ્યોમાં મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રમાં ઓર્ગેનિક સર્ટિફિકેશન હેઠળ જમીનનો સૌથી મોટો હિસ્સો છે. દેશમાં લાગુ કરવામાં આવેલા કડક ધોરણોને કારણે, એ નોંધવું આનંદદાયક છે કે ભારતીય ઓર્ગેનિક ઉત્પાદનોની વૈશ્વિક ડિમાન્ડ વધી રહી છે અને લાખો મિલિયન ડોલરની નિકાસ નોંધાઈ છે. વરસો પહેલા દિપક સચદે નામના મહાપુરુષે ભારતીય ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ તરફ પાછા ફરવાનું આંદોલન ઉપાડયું હતું તેના આ સુપરિણામો છે.એગ્રીકલ્ચર એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (APEDA) એ પહેલાથી જ ઓર્ગેનિક ફૂડની નિકાસ - તેલીબિયાં, ચા, ખાંડ, અનાજ, મસાલા, કઠોળના ઓર્ગેનિક નિકાસમાં ચાલીસ ટકા વૃદ્ધિ છેલ્લા થોડા સમયમાં જ નોંધાવી છે - જે માત્ર યુનાઈટેડ સ્ટેટ્સ અને યુરોપમાં જ નિકાસ કરવામાં આવતી નથી.

### શહેર ભાજપ કાર્યાલય ખાતે બેઠક મળી

# કાલે ડો.શ્યામા પ્રસાદ મુખરજી બલિદાન દિવસ અંતર્ગત પુષ્પાંજલી અર્પણ કરાશે

## વિવિધ ભાજપના આગેવાનોએ વિવિધ કાર્યક્રમોની જવાબદારી સોંપાઇ : મોલીયા,દવે,ઝાલા




(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.નર૨

પ્રદેશ ભાજપની યોજનાનુસાર અને પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલજીના માર્ગદર્શન હેઠળ આવતીકાલે તા. ૨૩ જૂન ડો. શ્યામા પ્રસાદ મુખરજી બલિદાન દિવસ તેમજ તા.૨૫ જૂન કટોકટી દિન અંતર્ગત રાજયભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હોય. રાજકોટ મહાનગર ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા આગામી વિવિધ કાર્યક્રમોની પૂર્વતૈયારીના ભાગરૂપે શહેર ભાજપ કાર્યાલય ખાતે શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીની અધ્યક્ષતામાં અને શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, અને વિરેન્દ્રસિંહ ઝાલાની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં આગામી કાર્યક્રમો અંતર્ગત માહિતી આપતા મુકેશ દોશીએ જણાવેલ કે તા.૨૩ જૂનના રોજ ડો. શ્યામા પ્રસાદ મુખરજીના ફોટાને બલિદાન દિવસ અંતર્ગત રમેશભાઈ ટીલાળાનું કાર્યાલય, ભક્તિનગર સર્કલ ખાતે સવારે ૯ કલાકે પુષ્પાંજલી અર્પણ કરવામાં આવશે. ત્યારબાદ સવારે ૧૦:૩૦ કલાકે શહેરના તમામ વોર્ડના બુથમાં ડો.શ્યામાપ્રસાદ મુખરજીના ફોટાને પુષ્પાંજલી અર્પણ કરવામાં આવશે. આ કાર્યક્રમના ઇન્ચાર્જ હિતેષ ઢોલરીયા, હરેશ કાનાણી અને ઈલાબેન પડીયાને સોંપવામાં આવેલ છે.

તા.૨૫ જૂન કટોકટી દિવસ અંતર્ગત રાજકોટ શહેરના તમામ મીસાવાસીઓનું સન્માન ભાજપના આગેવાનો દ્વારા કરવામાં આવશે. કટોકટી દિવસ અંતર્ગત રાજકોટ મહાનગર શહેર ભાજપ કમલમ ખાતે સાંજે ૬ કલાકે વરિષ્ટ આગેવાન ભરતભાઈ બારોટનું વકતવ્ય યોજાશે. કટોકટી દિવસના ઇન્ચાર્જ રાજુભાઈ ધ્રુવ, મયુર શાહ અને હરેશ જોષી સંભાળી રહ્યા છે.

તા.૨૬ જુન થી તા. ૬ જુલાઈ સુધી તમામ શ્રેણીના કાર્યકતાઓ દ્વારા '' એક પેડ માં કે નામ'' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણનો કાર્યક્રમ કરવામાં આવશે. આ કાર્યક્રમના ઇન્ચાર્જ વિજયભાઈ પાડલીયા, વિજય ટોળીયા અને ભગવતીબેન ધરોડીયા સંભાળી રહયા છે.

## યુવા મોરચા દ્વારા બ્લડ ડોનેશન કાર્યક્રમ યોજાશે

તા.૨૩ જૂન બલિદાન દિવસથી તા. ૬ જુલાઈ સુધી યુવા મોરચા દ્વારા શહેરના તમામ વોર્ડમાં રક્તદાન કેમ્પ યોજવામાં આવશે. આ કેમ્પનું આયોજન યુવા મોરચાના પ્રમુખ કિશનભાઈ ટીલવા, મહામંત્રી મીલન લીબાશીયા, સહદેવ ડોડીયા સંભાળી રહયા છે.

તા.૨૩ જૂન બલિદાન દિવસથી તા.૬ જુલાઈ સુધી સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત અંતર્ગત વિવિધ નદી કાંઠા, તળાવો, કુવાઓ પાસેથી પ્લાસ્ટીક મુક્ત સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવશે. આ સ્વચ્છતા અભિયાનમાં તમામ શ્રેણીના કાર્યકર્તા જોડાશે. આ કાર્યક્રમની જવાબદારી રાજકોટ ખાતે શહેર ભાજપ ઉપપ્રમુખ રમેશભાઈ પરમાર, પૂજાબેન પટેલ અને કાશ્મીરાબેન નથવાણીને સોંપવામાં આવેલ છે. અને તા. ૩૦ જૂન-રવીવાર 'મન કી બાત' કાર્યક્રમની માહિતી આપવામાં આવેલ હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા 'મન કી બાત' ના ઈન્ચાર્જ તરીકે શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશભાઈ રાઠોડ, રાજદિપસિંહ જાડેજા, ભરતભાઈ શીંગાળાને સોંપવામાં આવેલ છે.

આ બેઠકમાં શહેર ભાજપના હોદેદારો, વોર્ડના પ્રભારી, પ્રમુખ - મહામંત્રીઓ, મોરચાના પ્રમુખ-મહામંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકની વ્યવસ્થા શહેર ભાજપ શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશ જોષીએ સંભાળી હતી.

# પોલીસ કમિશનરનું જાહેરનામું:બોર્ડની પૂરક પરીક્ષા કેન્દ્ર આસપાસ ૪થી વધુ લોકોને એકત્ર થવા પર પ્રતિબંધ

રાજકોટ,તા.૨૨

રાજકોટમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા તા. ૨૪ જૂન ૨૦૨૪થી તા. ૩ જુલાઈ ૨૦૨૪ દરમિયાન SSCની પૂરક પરીક્ષા બે પેટા કેન્દ્રોના ૨૧ બિલ્ડિંગ પરથી જ્યારે આ ઉપરાં HSCની પૂરક પરીક્ષા તા. ૨૪ જૂન ૨૦૨૪થી તા. ૩ જુલાઈ ૨૦૨૪ દરમિયાન બે પેટા કેન્દ્રો પર ૧૧ બિલ્ડિંગમાં પરીક્ષા લેવાનાર છે. જે અનુસંધાને પોલીસ કમિશનર બ્રજેશ ઝા દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

આ જાહેરનામામાં જણાવ્યા મુજબ આ પરીક્ષાઓ પરીક્ષાર્થીઓ કોઈપણ જાતની ખલેલ વિના પરીક્ષા મુક્ત અને શાંત વાતાવરણમાં આપી શકે. બહારના કોઇ તોફાની તત્વો આ પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રો ખાત આપતા વિદ્યાર્થીઓને ખલેલ પહોંચાડે નહીં. પરીક્ષા દરમિયાન કોઇ ગેરકાયદેસરની પ્રવૃત્તિ આચરે નહીં તે માટે તા. ૨૪ જૂન ૨૦૨૪થી તા. ૩ જુલાઈ ૨૦૨૪ સુધી જાહેર રજાના દિવસો સિવાય સવારે ૮ વાગ્યાથી સાંજે ૭ વાગ્યા સુધી રાજકોટ શહેરના જે જે પરીક્ષા કેન્દ્રો (શાળાઓ)માં પરીક્ષા લેવાનાર છે. તે કેન્દ્રો (શાળાઓ)ના કમ્પાઉન્ડમાં તેમજ તેની ચારેય બાજુની ૧૦૦ મીટરની ત્રીજ્યાના વિસ્તારમાં પરીક્ષાર્થીઓને ખલેલ ન પડે તે માટે કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ એકત્રિત થશે નહીં કે શાળાઓ (કેન્દ્રો)માં પ્રવેશ કરશે નહીં કે વાહન લઇ જઇ શકશે નહીં કે લાવશે નહીં.

આ ઉપરાંત પરીક્ષા કેન્દ્ર આસપાસ ચારથી વધુ માણસો ભેગા થશે નહીં અને વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્રમાં મોબાઇલ ફોન લઇ જાય નહીં તે અંગે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામાના અમલ દરમિયાન પરીક્ષા કેન્દ્ર આસપાસના ઝેરોક્ષ મશીન બંધ રાખવાના રહેશે. ઉલ્લેખનીય છે કે જાહેરનામાનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર રહેશે.

ગુજરાત બોર્ડ દ્વારા લેવામાં આવનાર પૂરક પરીક્ષા માટેના પ્રશ્નપત્રો સહિતની સામગ્રીઓ રાજકોટ આવી પહોંચી છે જેને કરણસિંહજી હાઈસ્કૂલ ખાતે સ્ટ્રોંગરૂમમાં રાખી સીલ કરી દેવામાં આવ્યા છે. ધોરણ ૧૦માં એક ઝોનના બે પેટા કેન્દ્રો ઉપર ૨૧ બિલ્ડિંગમાં ૧૮૦ બ્લોક ખાતે કુલ ૬૧૩૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં એક કેન્દ્ર ઉપર ચાર બિલ્ડિંગમાં ૩૧ બ્લોક ખાતેથી કુલ ૨૮૫૮ વિદ્યાર્થીઓ અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં એક કેન્દ્રના ૭ બિલ્ડિંગમાં ૬૯ બ્લોક પરથી ૧૪૩૯ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. આમ ધોરણ ૧૦ અને ૧૨ માં કુલ ૧૦૪૩૪ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપશે.

# LLM સેમ.-૧ના ૧૯૮ વિદ્યાર્થીની પરીક્ષા લેવાશે

### ગત વર્ષનાં વિદ્યાર્થીઓની પરીક્ષા ૨૭મી જૂનથી શરૂ થશે




રાજકોટ,તા.૨૨

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ એ જણાવ્યું હતું કે, બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના નિયમ મુજબ, લોમાં માસ્ટર ડીગ્રીનો પીજી કોર્સ ખાનગી કોલેજોમાં શરૂ કરવાની મંજૂરી આપી ન શકાય. જેથી LLM સેમેસ્ટર- ૧ની પરીક્ષા લેવામાં આવી ન હતી. જોકે, બાદમાં કોલેજો હાઇકોર્ટમાં પહોંચી હતી. બાદમાં હાઇકોર્ટના આદેશથી ખાનગી કોલેજોમાં ભણતા ૧૯૮ જેટલા વિદ્યાર્થીઓની LLM સેમેસ્ટર-૧ની પરીક્ષા લેવાનો નિર્ણય કરવામા આવ્યો છે. જે પરીક્ષા ૨૭મીથી શરૂ થશે. જોકે, આ પરીક્ષા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસમાં ગોઠવવામાં આવશે. કારણ કે, બોર્ડ ઓફ મેનેજમેન્ટની બેઠકમાં અગાઉ ૮ ખાનગી કોલેજોની LLMની માન્યતા રદ કરવામા આવી છે. તેમાંથી ૬ કોલેજોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યા હતા, પરંતુ આ વિદ્યાર્થીઓનું ભણતર ન બગાડતા પરીક્ષા લેવામાં આવશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા LLM સેમેસ્ટર-૧નું પરીક્ષા શેડ્યુલ જાહેર કરવામાં આવ્યું છે. જે મૂજબ, તા. ૨૭મી જૂનથી તા. ૧ જુલાઇ સુધીમાં પરીક્ષા લેવામાં આવશે. જેમાં ૨૭મી જૂને સોશિયલ ટ્રાન્સફોર્મેશન ઈન ઈન્ડિયા, ૨૮મીએ જયુડિશયલ પ્રોસેસ, ૨૯મીએ હ્યુમન રાઇટ્સ ઍન્ડ ડ્યુટીઝ તો તા. ૧ જુલાઈના ફોરેન્સિક સાયન્સ, લો ઓફ એકસપોર્ટ ઈમ્પોર્ટ રેગ્યુલેશન અને મીડિયા ઍન્ડ ટેલી કોમ્યુનિકેશન લો એમ પસંદગી મુજબના ઓપ્શનલ વિષયની પરીક્ષા લેવામાં આવશે. જે પરીક્ષાનો સમય બપોરે ૧૨થી ૩ વાગ્યા દરમિયાનનો રાખવામાં આવ્યો છે. ગત વર્ષનાં વિદ્યાર્થીઓ આ વર્ષે પ્રથમ સેમેસ્ટરની પરીક્ષા આપવા જઈ રહ્યા છે.

ઉલ્લેખનિય છે કે, પૂર્વ ઇન્ચાર્જ કુલપતિ ડો. ગિરીશ ભીમાણીએ ૮ ખાનગી કોલેજમાં LLMનો કોર્સ શરૂ કરવા માટેની મંજૂરી આપવામાં આવી હતી. બાદમાં ઇન્ચાર્જ કુલપતિ તરીકે ડો. નીલાંબરી દવે આવ્યા. જેમણે ઉપરોક્ત કોર્સના વિદ્યાર્થીઓની પરીક્ષા અટકાવી દીધી અને કારણ આપ્યું કે બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના નિયમ મુજબ ખાનગી કોલેજોમાં LLM શરૂ ન થઈ શકે. બાદમાં ખાનગી કોલેજો પરીક્ષા યોજવા હાઈકોર્ટમાં પહોંચી. જેથી હાઈકોર્ટે વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાનો આદેશ કર્યો. જેથી યુનિવર્સિટીએ પરીક્ષા યોજવા નિણર્ય કર્યો, પરંતુ ૮ ખાનગી કોલેજોની LLMની માન્યતા રદ કરી.

### યુવતીનું ચાર તોલા સોનુ ભરેલ પાકિટ ગૂમ થયું હતું

# માલવીયાનગર પોલીસે સીસીટીવી ફુટેજના આધારે યુવતીને સોનુ ભરેલ પર્સ પરત કર્યું



રાજકોટ,તા.૨૧

માલવીયાનગર પોલીસ મથક વિસ્તારમાં એક યુવતીનું ચાર તોલા સોનુ ભરેલ પાકિટ ગૂમ થઈ જતાં પરિવારજનો પોલીસ મથકે દોડી આવ્યાં હતાં. પોલીસે ભોગ બનનારને ધરપત આપી સીસીટીવી ફુટેજના આધારે તપાસ કરી પર્સ લઈ જનાર વ્યક્તિને શોધી કાઢી યુવતીને સોનુ ભરેલ પર્સ પરત કરતાં પોલીસ પ્રજાનો મિત્ર છે સૂત્ર સાર્થક થયું હતું.

બનાવની વિગત મુજબ, ગત તારીખ તા.૧૬-૬ ના માલવીયાનગર પોલીસ મથકે આવેલ અરજદાર અશોકભાઇ ગોવિંદભાઇ સાકરીયાએ જણાવેલ કે, બપોરના બે વાગ્યાની આસપાસ તેઓ તેના પરીવાર સાથે બહારથી કાર લઇને તેઓના ઘરે આવેલ અને ઘરમાં જતા તેમની દીકરીએ કહેલ કે, મારી પાસે રહેલ ચાર તોલાના સોનાના દાગીના ભરેલ પાકીટ ક્યાંક પડી ગયેલ છે.

જે બાબતની ગંભીરતા લઈ શહેર પોલીસ કમીશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમીશ્નર મહેન્દ્ર બગરીયાએ સોના ભરેલ પાકિટ શોધવાની આપેલ સૂચનાથી માલવીયાનગર પોલીસ મથકના પીઆઈ એમ.ડી.ગઢવીની રાહબરીમાં પીએસઆઈ ડી.એસ.ગજેરાએ અલગ અલગ ટીમો બનાવી અરજદારના રહેણાંક મકાનની આજુ-બાજુના સી.સી.ટી.વી. કેમેરા ચેક કરી તપાસ કરતા એક બાઈક ચાલક તેમના રહેણાંક મકાન પાસેથી પસાર થાય છે અને થોડે આગળ ચાલી પાછો વળી અરજદારના મકાન પાસે જાહેર રોડ ઉપરથી કોઇક વસ્તુ લઇ જતો જોવામાં આવ્યો હતો.

જે અંગે તપાસ કરતાં હેડ કોન્સ્ટેબલ જયદેવસિંહ પરમાર, કોન્સ્ટેબલ હરસુર સબાડને બાઈક ચાલકને શોધી કાઢી પુછપરછ કરતા તેમને જણાવેલ કે, તેઓ ગઇ તા.૧૫-૬-૨૦૨૪ ના પોતાના ઘરે જતા હતા તે દરમ્યાન તેઓને રસ્તામાંથી એક પાકીટ મળી આવેલ જે પાકીટ પોતે ખોલી જોતા તેમાં સોનાના દાગીના જોવામાં આવતા તે વ્યકિતએ પોતાની રીતે તપાસ કરેલ પરંતુ કોઇ મળી આવેલ નહી.

જેથી તે દાગીના ભરેલ પાકીટ પોતાના ઘરે લઇને જતો રહેલ હતો. બાદમાં યુવતીનું ચાર તોલા સોનાના દાગીના ભરેલ પાકીટ મેળવી તેમને પોલીસ મથકે બોલાવી પરત આપેલ હતું.

# વિવેકાનંદ યુથ કલબ દ્વારા નર્સ બહેનો સહિતના સ્ટાફનું સન્માન



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૨

રાજકોટની જાણીતી સેવા સંસ્થા વિવેકાનંદ યુથ ક્લબ દ્વારા થેલેસેમીયાનો ભોગ બનેલા રાજકોટ શહેર અને જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાંથી ૫૦૦થી વધુ થેલેસેમીયા પીડિત બાળકો નિયમિત રીતે મહિનામાં બે વાર બ્લડ ટ્રાન્સફ્યુઝન માટે શહેરની સિવિલ હોસ્પીટલમાં સારવાર માટે આવે છે. આ તમામ થેલેસેમિક બાળકોને સારામાં સારી સારવાર મળે, તેઓની વેદના ઓછી થાય અને કોઈ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે સિવિલ હોસ્પિટલમાં કાર્યરત થેલેસેમીયા વોર્ડમાં ફરજ બજાવતા તમામ સિસ્ટરો-નર્સ બહેનો દરેક બાળકની માતૃવાત્સલ્ય કાળજી લેતા કીર્તિદાબેન યાદવ, પુનીતાબેન જીવરાજાની, ઉમાબેન ધાવરી, લક્ષ્મીબેન કાનાબાર, કિરણબેન વાણંદ તેમજ કાઉન્સેલર, પટ્ટાવાળા, સફાઈ કામદાર સહિતના ૧૨ સેવાભાવી અને માનવતાવાદી સ્ટાફ પરિવારનું તેઓની કર્તવ્યનિષ્ઠા અને માનવીય અભિગમને ધ્યાનમાં લઈને દરેક સ્ટાફનું સંસ્થાના હસુભાઈ રાચ્છ, રાજેશભાઈ ભાતેલીયા, પ્રવીણભાઈ પરસાણાના હસ્તે કુમકુમ તિલક કરી, ખેસ પહેરાવી, પુસ્તક, શ્રીફળ સાકરનો પડો, સ્મૃતિ ભેટ આપી તેમજ શાલ ઓઢાડીને લાગણીસભર સન્માન કરવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમની સફળતા માટે સંસ્થાના અનુપમ દોશી, હસુભાઈ શાહ, પંકજ રૂપારેલીયા, દિનેશભાઈ ગોવાણી, પરીમલભાઈ જોષી, જયેન્દ્રભાઈ મહેતા, વિપુલભાઈ ભટ્ટ, જીતુભાઈ ગાંધી કાર્યરત રહેલ.


પ.પૂ.મહંતસ્વામી મહારાજની ઉપસ્થિતિમાં

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે ઉજવાયો સિદ્ધાંત દિન

## હરિભક્તોના ઘરમંદિર માટે ૭૨૫ અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓની સમુહ પ્રતિષ્ઠા કરવામાં આવી, આજે સાંજે રાજકોટ છાત્રાલયના યુવકો દ્વારા શિક્ષણ દિનની ભવ્ય ઉજવણી

રાજકોટ,તા.૨૨

ગઈ કાલે સિદ્ધાંત દિન અંતર્ગત સાયંસભામાં વિદ્વાન વક્તા પૂજ્ય વિવેકસાગર સ્વામીના પ્રેરણાત્મક પ્રવચન બાદ 'ઉપાસકનું ઉપવસ્ત્ર' શીર્ષક હેઠળ 'સિદ્ધાંત દિન' ઉજવવામાં આવ્યો હતો. જેમાં યુવકો દ્વારા પ્રેરણાત્મક સંવાદ ભજવવામાં આવ્યો અને સભામાં ઉપસ્થિત સૌએ ભગવાન સ્વામિનારાયણના ત્રીજા અનુગામી અને અક્ષર પુરૂષોત્તમ સિદ્ધાંતના પ્રખર પ્રણેતા પૂજ્ય શાસ્ત્રીજી મહારાજના અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતની સમજ અને સંદેશો મેળવ્યો. સિદ્ધાંત ગાન થયું ત્યારબાદ યુવાનો દ્વારા રોમાંચક નૃત્ય પ્રસ્તુત







કરવામા આવ્યું હતું.

આજે હરિભક્તોના ઘરમંદિરમાં શ્રીઅક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓની સમૂહમાં પ્રતિષ્ઠા થાય તેવું આયોજન કરવામાં આવ્યું હતું. આજના દિને મંચ પર પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓને આકર્ષક રીતે ગોઠવવામાં આવી હતી. કોઠારી પૂજ્ય બ્રહ્મતીર્થ સ્વામી અને પૂજ્ય અપૂર્વમુનિ સ્વામીએ પ્રતીક રૂપે મૂર્તિઓનું પૂજન સ્વામીશ્રી પાસે કરાવ્યું. પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજે આશીર્વચન આપતા કહ્યું હતું, 'ખરેખરા ઉપાસક થવાનું છે, આ માત્ર મૂર્તિઓ નહિ પણ સાક્ષાત ભગવાન છે એમ માનવું.'

જે રીતે શિખરબદ્ધ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા થાય તે જ રીતે શાસ્ત્રોક્ત વિધિપૂર્વક, અંજનશલાકા, દર્પણ અને આરતી દ્વારા ૭૨૫ મૂર્તિઓની પ્રતિષ્ઠા પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજે ખૂબ જ ભક્તિભાવ પૂર્વક કરી હતી. ગુલાબ પાંખડીઓની વર્ષાથી આ તમામ મૂર્તિઓને વધાવવામાં આવી. હરિભક્તો પોતાના ઘરમંદિર માટે પ્રતિષ્ઠિત થયેલ મૂર્તિઓને પ્રાપ્ત કરીને ભાવ વિભોર બન્યા હતા.

આજે સાંજે રાજકોટ છાત્રાલયના યુવાનો દ્વારા શિક્ષણ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવશે જે અંતર્ગત પ્રેરક સંવાદ અને પ.પૂ.મહંતસ્વામી મહારાજના આશીર્વચનનો લાભ પ્રાપ્ત થશે.

---

### ખેડૂતોએ રોષભેર રેલી સ્વરૂપે મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું

# ખાંભામાં ખેડૂતની જમીન પચાવી પાડવાની કોશિષ કરનાર ભૂમાફિયાઓ સામે કાર્યવાહી કરવા માંગ

### પોલીસ દ્વારા એક તરફી કાર્યવાહી થતી હોવાનો થયો આક્ષેપ

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી,તા.૨૨

ખાંભા તાલુકામાં અમુક ભૂમાફીયાઓ એક પ્રજાપતિ સમાજના નિર્દોષ ખેડૂતોની જમીનો પડાવવા કબજા વગર દસ્તાવેજો અને કાગળ ઊભા કરી અને જમીન પડાવી પાડવાનો ધંધો ચાલુ કર્યો છે. ત્યારે ખાંભા ગામના ખેડૂત દામજીભાઈ વશરામભાઈ માલણકીયા ખાંભા ગામના ખેડૂત ખાતેદાર હોય અને તેમની જમીન ખાંભામાં આવેલી હોય તેમનો સર્વે નંબર ૪૧૬/૨ હે.આરે.ચો. ૬-૮૩-૭૭ જમીન છે જે જમીન વર્ષોથી તેમના બાપ દાદાની હોય. ત્યારે પહેલાના જમાનામાં શિક્ષણનો અભાવ હોય ત્યારે ખેડૂતો પાસે જાજી જમીન હોય તેમની જમીન ટોચ મર્યાદામાં જતી રહેશે એવા ભયના કારણેદામજીભાઈ માલણકીયાએ તેમના સગા બનેવી મોહનભાઈ હરજીભાઈ કળસરિયાને પોતાની જમીન ટોચ મર્યાદામાં કે સરકાર લઈ ન લે માટે થઈ અને એ એકમાત્ર હેતુસર દસ્તાવેજ કરી આપેલ હતો અને આ જમીનનો કબજો કયારેય પણ દામજીભાઈએ કોઈને આપેલ નથી અને પોતાની પાસે જ રાખ્યો છે. ત્યાર બાદ મોહનભાઈ કળસરિયાએ આ જમીનનું બાનાખત દામજીભાઈ માલણકીયાને કરી આપેલ હતું અને બંને સગા સાળા- બનેવી હોય અને બંનેને એકમેક પર અતૂટ વિશ્વાસ હતો જેથી ફરી વેચાણ દસ્તાવેજ કરેલ ન હતો. કારણકેજમીનનો કબજો પહેલેથી જ દામજીભાઈ પાસે હતો અને છે ત્યારે મોહનભાઈનું અવસાન થતા કાયદાની જોગવાઈ પ્રમાણે આ જમીનમાં વારસાઈ નોંધ દાખલ થઈ હતી અને તેમના વારસાઈ નામ જમીન રેકર્ડ પર દાખલ થતા દામજીભાઈ માલણકીયાને વારસદારો સામે તકરારો થયેલી અને ત્યારબાદ અપીલો અને દલીલો થયેલી કે અરસામા તેમના વકીલ સરોજબેન જોશીએ આ જમીનના વારસદારો પાસેથી જમીનનો કબજા વગર દસ્તાવેજ કરાવી લીધો હોય અને કાયદાના દર્શાવ્યા પ્રમાણે દસ્તાવેજની વ્યાખ્યા એવી છે કે દસ્તાવેજ ત્યારે જ ગ્રાહ્ય ગણાય જયારે વેચાણની અવેજ આપવામાં આવે અને કબજો આપ લે કરવામાં આવે અને સોંપવામાં આવે. પરંતુ આ જમીન માથાભારે વકીલ અને તેમના મળતીયાઓ દ્વારા પચાવી પાડેલ હોય અને અવારનવારહાલ કબજેદાર ખેડૂત દામજીભાઈ માલણકિયાની ઉપર લુખાગીરી કરવામાં આવતી હોય. ત્યારે આવા ભૂમાફિયાઓ સામે ખાંભાના ખેડૂતો અને પ્રજાપતિ સમાજ દ્વારા બહોળી સંખ્યામાં રેલી સ્વરૂપે ખાંભા મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું હતું અને આવા ભૂમાફીયાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા માંગ કરી હતી. પોલીસ દ્વારા એક તરફી કાર્યવાહી કરવામાં આવતી હોવાનો આક્ષેપ પણ ખેડૂત દ્વારા કરવામાં આવ્યો હતો અને ખેડૂત ખાતેદારને પોલીસ રક્ષણ આપવાની માંગ પણ કરી હતી.

---

# ગુજરાત પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ ડો.ભરત બોઘરાનો આજે જન્મદિવસ



(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ,તા.૨૨

ગુજરાત પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ, જસદણના પૂર્વ ધારાસભ્ય, જસદણ માર્કેટિંગ યાર્ડના પૂર્વ ચેરમેન ડો. ભરતભાઈ બોઘરાનો આજે જન્મદિવસ છે. ડો. ભરતભાઈ બોઘરા પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ ઉપરાંત અમરેલી જિલ્લાના પ્રભારી છે. ગુજરાત સરકારના બોર્ડ નિગમના ચેરમેન પણ રહી ચૂક્યા છે. જસદણ બેઠકના ઈતિહાસમાં સૌપ્રથમ વખત ડો.ભરતભાઈ બોઘરાએ ભાજપના ધારાસભ્ય તરીકે ખાતું ખોલાવ્યું હતું. હંમેશા ભાજપ પક્ષ માટે સતત દોડતા અને બહોળી લોક ચાહના ધરાવતા ડો. ભરતભાઈ બોઘરા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, ગૃહ મંત્રી અમિતભાઈ શાહ સહિતના ટોચના નેતાઓની ગુડ બુકમાં સ્થાન ધરાવે છે. તેમના ટ્રસ્ટ દ્વારા બે વર્ષ પૂર્વે આટકોટ ખાતે શરૂ થયેલી કે.ડી. પરવાડીયા મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલનું વડાપ્રધાન મોદીએ ઉદઘાટન કર્યું હતું.જ્યાં હજારો ગરીબ દર્દીઓ રાહત દરે સારવાર લઈ રહ્યા છે. આજે તેમના જન્મદિવસ નિમિત્તે તેમના મોબાઈલ નંબર ૯૮૯૮૦૨૧૫૫૫ ઉપર જન્મ દિવસની અભિનંદનની વર્ષા થઈ રહી છે.

---

# ગીરગંગા પરિવાર ટ્રસ્ટ,તેમજ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા પાણી રીચાર્જ માટે ૮ બોર કર્યા

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૨

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં અલગ-અલગ જીલ્લામાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ૧૮૦ થી વધુ ચેકડેમ રિપેરિંગ, ઊંડા અને ઊંચા કરવા તેમજ નવા બનાવેલ છે. જેનાથી વરસાદી પાણી વિશાળ જથ્થામાં રોકયેલ છે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા સૌરાષ્ટ્રમાં ૧૧,૧૧૧ ચેકડેમો તૈયાર કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે.

તેમજ વરસાદી પાણીનું યોગ્ય જતન થાય તેના માટે રાજકોટ સીટીમાં ૧૧,૧૧૧ બોર કરવાનો પણ સંકલ્પ કરેલ છે જેના અનુસંધાને કાલાવડ રોડ, મોદી સ્કુલમાં વિધાર્થીઓ અને સ્ટાફ ગણ ને વરસાદી શુદ્ધ પાણી રીચાર્જ કરવાથી




થતા ફાયદા વિષે પ્રમુખ ૧ દિલીપભાઈ સખીયાએ માહિતી આપીને સ્કૂલના ગ્રાઉન્ડમાં ૨૦૦ ફૂટના બોર કર્યો. આજુબાજુનાં રહેણાક વાળા હાઈરાઈજ બિલ્ડીંગમાં પીવાના પાણી માટે ૨૫૦૦ થી ૩,૦૦૦ ફૂટનાં બોર દ્વારા ભૂખરી વીંધીને ખારું, તુરુ અને ઉંચા TDS વાળું પાણી આવવાથી લોકોની બીમારીઓમાં ખુબ વધારો થાય છે. અને બિલ્ડીંગોમાં પાણીની પાઈપ લાઈનો જામ થય જતી હોય છે. એટલે કે પીવા લાયક નથી હોતું. આ બોર અને આવા ઘણા બીજા બોર બનવાથી જમીનમાં વરસાદી મીઠા પાણીના તળ ૨૫ થી ૫૦ ફૂટે આવશે. જેથી ખુબ મોટી રાહત થશે, લોકો નીરોગી રહેશે. અને દેશની આર્થિક સમૃદ્ધિમાં વધારો થશે.

મોદી સ્કૂલના ડો. રશ્મીકાંતભાઈ મોદીએ ગીરગંગા પરિવાર ટ્રસ્ટ ની પાણી બચાવાની પ્રવૃત્તિ ને દિલથી આવકારીને પોતાની ની દરેક પ્રોપર્ટી માં વધારેમાં વધારે પાણી માટે રીચાર્જ બોર કરવા તેમજ ચેકડેમ બનવાનો પણ નિર્ણય લીધેલો છે. અને વધારે માં વધારે આ કાર્ય ને ગતિ મળે તેના માટે તન મન ધન થી મદદ રૂપ થવાની વાત કરી હતી .

આ પ્રસંગે ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયા, પ્રકૃતિ પ્રેમી દિનેશભાઈ પટેલ, વિરાભાઈ હુંબલ, ડો. રશ્મીકાંતભાઈ મોદી, આતમન મોદી, અમિતભાઈ મેઘપરા, જયસુખભાઈ હિરાણી, રમેશભાઈ જેતાણી, વિઠ્ઠલભાઈ બાલધા, તેમજ મોદી સ્કુલનાં શિક્ષક ગણ અને વિધાર્થીઓ હાજર રહ્યા હતા.

---

# પુજીત રૂપાણી ટ્રસ્ટને ડો. બિંદન શાહ દ્વારા દંત રોગમાં જરૂરી લાઈટ ક્યોર મશીન અર્પણ




(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૨

પૂજિત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત રોટરી ક્લબ ઓફ રાજકોટ મીડ ટાઉન મેડિકલ સેન્ટરમાં આરોગ્યની સુખાકારી માટે વિવિધ વિભાગો કાર્યરત છે. જે અંતર્ગત દંત રોગ ડેન્ટલ વિભાગમાં તદ્દન રાહત દરે નિદાન તથા વિવિધ સારવાર ઉપલબ્ધ છે. જેમાં દાંતના દર્દીઓને દાંતના ફીલિંગની જરૂરિયાત રહેતી હોય છે આ ફીલિંગ સારવાર સારામાં સારી રીતે અને આધુનિક રીતે થઈ શકે તે માટે લાઈટ ક્યોર મશીનની જરૂરિયાત રહેતી હોય છે. જ પ્રમાણમાં મોંઘુ હોય છે. ટ્રસ્ટ સંચાલિત મેડિકલ સેન્ટરમાં શરૂઆતથી જ ડેન્ટલ સર્જન તરીકે સેવા આપતા ડો. બિંદન શાહ દ્વારા આ લાઈટ ક્યોર મશીન ટ્રસ્ટ અને ડોનેશન રૂપીએ આપવાની ઈચ્છા દર્શાવેલ અને તેમના દ્વારા ૧૮-૬ના રોજ લાઈટ ક્યોર મશીન ટ્રસ્ટને ડોનેશન રૂપે અર્પણ કરવામાં આવેલ. આ પ્રસંગે ટ્રસ્ટના ટ્રસ્ટી મહેશભાઈ ભટ્ટ, મેડિકલ પ્રોજેક્ટ કમિટીના ઈન્ચાર્જ ડો.જયમાનભાઈ ઉપાધ્યાય ટ્રસ્ટના વહીવટી અધિકારી ભાવેનભાઈ ભટ્ટની ઉપસ્થિતિમાં ડો. બિંદનભાઈ શાહ પાસેથી લાઈટ ક્યોર મશીન સ્વીકારી આભાર વ્યક્ત કર્યો હતો.

ટ્રસ્ટના ચેરમેન વિજયભાઈ રૂપાણી તથા ટ્રસ્ટી અંજલીબેન રૂપાણીએ ડોક્ટર બિંદન શાહની ઉદાર સેવાને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

ટ્રસ્ટના આ મેડિકલ સેન્ટર ખાતે દર માસના બીજા તથા ચોથા શિનવારે અમદાવાદની એચસીજી હોસ્પિટલના ગળાના કેન્સર ના નિષ્ણાંત ડોક્ટર દ્વારા નિશુલ્ક નિદાન કરી આપવામાં આવે છે. OPD વિભાગમાં માત્ર દસ રૂપિયામાં નિદાન તથા સારવારનો લાભ મેળવી શકાય છે તથા દર બુધવારે સવારે ૯ થી ૧૨ વિનામૂલ્યે નિદાન તથા સારવાર મેળવી શકાય છે. તેમજ કન્સલ્ટીંગ વિભાગમાં આંખ, જનરલ સર્જન, ગાયનેક, ઓર્થોપેડીક, એમ.ડી., ઈ.એન.ટી., સ્કીન વગેરેમાં શહેરના નિષ્ણાંત તબીબોની સેવાઓ નક્કિ કરેલા દિવસોએ તદન રાહતદરે મેળવી શકાય છે. આ ઉપરાંત ટ્રસ્ટમાં દરરોજ સોમ થી શની સવારે ૯ થી ૧૨ તથા બપોરે ૩ થી ૭ લેબોરેટરી, એકસ-રે તથા ફિઝીયોથેરાપીની સુવિધાઓ પણ તદન રહતદરે ઉપલબ્ધ છે. જેના લાભ જરૂરિયાતમંદ લોકોને ટ્રસ્ટી અંજલીબેન રૂપાણીની એક યાદીમાં જણાવવામાં આવેલ છે.

વિશેષ માહિતી માટે ટ્રસ્ટના વહીવટી અધિકારી ભાવેનભાઈ ભટ્ટનો પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ ખાતે રૂબરૂ અથવા ફોન નં.૦૨૮૧-૨૭૦૪૫૪૫/૨૭૦૧૦૯૮ દ્વારા સંપર્ક સાધવા એક યાદીમાં જણાવાયું છે.

---

# વરસાદ ખેંચાતા શાકભાજીનાં ભાવો આસમાને પહોંચતા ગૃહિણીઓ પરેશાન


### શાકભાજીની સાથે કઠોળનાં ભાવમાં પણ સતત વધારો

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી,તા.૨૨

સૌરાષ્ટ્રમાં વરસાદ સામાન્ય દિવસો કરતાં મોડો થવાના એંધાણના પગલે શાકભાજી તથા કઠોળના ભાવ આસમાને પહોંચતા ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોને ઘરના બે છેડા ભેગા કરવામાં ભારે મુશ્કેલીઓ અનુભવી રહયા છે. ત્યારે ગૃહિણીઓના રસોડોનું બજેટ વિખરાય જવા પામેલ છે.

અમરેલી જિલ્લામાં ભીમ અગિયારસ વીતી જવા



છતાં વાવણી લાયક વરસાદ નહીં પડતાં મોંઘવારી સટાસટ વધી જતાં લોકોના માથામાં ચિંતાની લાગણીઓ જોવા મળી રહી છે.

અમરેલીમાં ઉનાળાની શરૂઆતથી જ શાકભાજીની અછત જોવા મળતી હતી જેને લઈ શાકભાજીમાં ભાવ વધતા જોવા મળ્યા હતા.વળી સામાન્ય કરતાં કેરીનો પાક ઓછો આવતાં ભીમ અગિયારસ પછી કેરી પણ માર્કેટમાં ઓછા પ્રમાણમાં જોવા મળી રહી છે. અમરેલીમાં શાકભાજીના ભાવ જોઈએ તો રીંગણાંના ભાવ એક કિલ્લોના રૂપિયા ૮૦ તો બટેટાના પણ ૪૦ રૂપિયાનો ભાવ છે. ગુવારનો એક કિલ્લોનો ભાવ ૧૨૦ છે તો ભીંડા, ચોળીનો ભાવ પણ રૂપિયા ૧૨૦ છે. જયારે કોબીનો ભાવ પણ ૪૦ છે, જયારે ટમેટા પણ ૮૦ રૂપિયાના ભાવે વેચાય છે.

ત્યારે હજુપણ આગામી સમયમાં વરસાદની સિઝનમાં શાકભાજીની આવક ઘટી જશે ત્યારે લોકોને શાકભાજીના બદલે કઠોળ ખાઈને દિવસો પસાર કરવા પડશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

---

# લીલીયા મોટા ખાતે રઘુવીર સેના આયોજિત સરસ્વતી સન્માન કાર્યક્રમ યોજાશે

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી,તા.૨૨

લીલીયા મોટાના જલારામ મંદિર ખાતે લોહાણા સમાજ લીલીયાના તેજસ્વી બાળકોને પ્રોત્સાહિત અને ઉત્સાહ વધારવા માટે રઘુવીર સેના આયોજિત સરસ્વતી સન્માન કાર્યક્રમ આવનાર તારીખ ૨૩ રવિવારને સાંજના ૬:૩૦ કલાકે જલારામ મંદિર લીલીયા મોટા ખાતે યોજવામાં આવશે આ કાર્યક્રમમાં ધવલભાઇ ભીમજીયાણી બાળકોને માર્ગદર્શન આપશે સાથે આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા રઘુવીર સેનાના અધ્યક્ષ વિશાલભાઈ સોઢા , ભાવેશભાઈ સોઢા , હિતેશભાઈ માનસેતા , પિયુષભાઈ સોનપાલ , સંજયભાઈ વણઝારા, વિશેષ ઉપસ્થિત રહી સમાજના લોકોને માર્ગદર્શન આપશે તેમજ આ સમગ્ર કાર્યક્રમ ના ભોજનના દાતા સ્વ જેન્તીભાઈ.પી.રવાણી હસ્તે કિરીટભાઈ જે રવાણી, વિનુભાઈ જે રવાણી તેમજ તેજસ્વી બાળકોને આપવામાં આવતી કીટના દાતા હંસાબેન હિતેશભાઈ કારીયા તેમજ બીપીનભાઈ રવાણી (પત્રકાર) ઉપેન્દ્રભાઈ નાગ્રેચા છે જયારે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સમાજના તમામ યુવાનો વડીલો આગેવાનોને સાથ સહકાર આપવા માટે રઘુવીર સેનાના પ્રમુખ કિરીટભાઈ રવાણી દ્વારા આહવાન કરવામાં આવેલ છે તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

---

# અમરેલી જિલ્લા સૈનિક બોર્ડની બેઠક કલેકટરની અધ્યક્ષતામાં સંપન્ન

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી,તા.૨૨

જિલ્લા કલેક્ટર અજય દહિયાની અધ્યક્ષતામાં જિલ્લા સૈનિક બોર્ડની બીજી ત્રિમાસિક બેઠક જિલ્લા સેવા સદન અમરેલી કલેક્ટર ઓફિસ ખાતે યોજાઇ હતી. કલેક્ટર અધ્યક્ષ જિલ્લા સૈનિક બોડ ર અમરેલીનાં અધ્યક્ષ સ્થાને યોજાયેલ આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી, કાર્યપાલક ઇજનેરનાં પ્રતિનિધિ, જિલ્લા પોલીસ અધિક્ષકનાં પ્રતિનિધિ, જિલ્લા રોજગાર અધિકારી, સભ્ય સચિવ પી.આર.ઓ કલેક્ટર ઓફિસ તથા હોમ શાખા નાયબ મામલતદાર, રેકર્ડ શાખા નાયબ મામલતદાર અને અન્ય કર્મચારીગણ ઉપસ્થિત રહ્યાં હતા. સૈનિકો અને ભૂતપૂર્વ સૈનિકોનાં પ્રશ્નોની રજૂઆત સાંભળવાતથા કાર્યવાહીનાં અવલોકન માટે અમરેલી જિલ્લાનાં પ્રતિષ્ઠિત નાગરિક હોદ્દેદારઓ ઉપસ્થિત રહ્યા હતા. રવિરાજભાઈ શેખવા પ્રમુખ

અશ્વમેઘ એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ, દિનેશભાઈ ભુવા ઓનર શીતલ કુલ પ્રોડક્ટ લિમિટેડ(શીતલ આઈસ્ક્રીમ અમરેલી) રોહિતભાઈ નરસિંહભાઈ ચોવટીયા ગ્રુપ ઓફ સોરાષ્ટ્ર ઈન્ડસ્ટ્રીઝ, ધવલભાઈ કાબરીયા શ્રીજી સિમેન્ટ પ્રોડક્ટ્સ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ સૈનિક હોદ્દેદારો તરીકે હરેશભાઈ ધાધલ સરપંચ વાંકીયા, હરેશભાઈ તિતોષા ઉપ-પ્રમુખ ડિફેન્સ વેટરન્સ ઓર્ગેનાઇઝેશન અમરેલી હિંમતભાઈ મકવાણા જિલ્લા સેક્રેટરી સૈનિક સંગઠન ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર ડોક્યુમેન્ટસ પરિપત્રોની વ્યવસ્થા હિતેશભાઈ દ્વારા કરવામાં આવી હતી.

તમામ પ્રશ્નોનાં નિરાકરણ માટે સૈનિક બોર્ડ દ્વારા ત્વરિત કાર્યવાહી થઈ. સમગ્ર બેઠકનુ સંચાલન પ્રમુખ રક્ષા વિશેષજ્ઞ સંસ્થાન ભારતનાં તરુણ ભાઈ શુક્લ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ૨૫ જૂને રાજકોટ સ્વયંભૂ બંધ રાખવા અપીલ કરતા કોંગ્રેસ આગેવાનો

# પરાબજાર, લાખાજીરાજ રોડ, દાણાપીઠ, સોની બજાર વેપારીઓનુ બંધમાં જોડાવા ખુલ્લું આહવાન

## અગ્નિકાંડ પીડિતોની પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ આપવા રાજકોટ બંધ રાખવા અપીલ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૨

રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજગુરુ, કોંગી આગેવાનો મહેશભાઈ રાજપુત, ગાયત્રીબા અશોકસિંહ વાઘેલા, ડોક્ટર હેમાંગ વસાવડા, હિતેશભાઈ વોરા, વશરામભાઈ સાગઠીયા ની સંયુક્ત યાદી જણાવે છે કે રાજકોટ ગેમ્સ ઝોનની અગ્નિકાંડ પીડિતોને ન્યાય મળે તે માટે તારીખ ૨૫/૬, મંગળવારે અડધો દિવસ રાજકોટ બંધનું એલાન આપેલ છે. ત્યારે આ બંધમાં જોડાવા માટે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ અને રાજકોટ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આખરી ઓપ અપાઈ રહ્યો છે અને તમામ વેપારી એસોસિએશન જેમાં દાણાપીઠ એસોસિયેશન, લાખાજીરાજ એસોસિએશન, પરા બજાર એસોસિએશન દ્વારા સ્વૈચ્છિક રીતે વેપારીઓએ બંધમાં જોડાવા માટેની સંમતિ આપેલ છે ત્યારે દરેક વેપારીઓને પણ પીડિતોના આંસુ લૂછવા અને ન્યાય મળે અને સરકારના કુંભકર્ણ નિંદ્રામાંથી જાગે જવાબદારોને જેલ ભેગા કરે એ માટે બંધ રાખવા અમારી નમ્ર વિનંતી છે.

રાજકોટમાં જે બનેલ અગ્નિકાંડ એ સરકારી તંત્રની બેદરકારી અને લાપરવાહી ફલિત થઈ છે તેવું ખુદ એસઆઇટીના રિપોર્ટમાં છે અને આ એસઆઇટીનો રિપોર્ટમાં ફક્ત અને ફક્ત અધિકારીઓનો જ કોલર પકડવામાં આવેલ છે જ્યારે જવાબદાર મોટા માથાઓ ને ક્લિનચીટ આપી છે અને હજી તપાસનું ગાણું ચાલુ છે એક મહિના પછી પણ તપાસ ચાલુ હોય તો આ એસઆઇટીના અધિકારીઓ કોના ઈશારે તપાસ કરે છે તે બાબત પણ તપાસનો વિષય છે ? સરકાર દ્વારા તપાસ અંગે ત્રણ ત્રણ કમિટીઓ રચવા છતાં આજની તારીખે અગ્નિકાંડમાં શું સત્ય છે તે શોધવાનું હજી બાકી રહ્યું છે ? બાંધકામ કોના આદેશથી કયા પદાધિકારીએ વહીવટ કર્યો તે બહાર આવેલ નથી. પોલીસ દ્વારા લાઈસન્સ કઈ રીતે અપાયું તે પણ તપાસનો વિષય છે. ગેમ જૂનમાં પેટ્રોલ ડીઝલનો જથ્થા અંગે પણ તંત્ર કશું ઉકાળી શકી નથી ગેમ ઝોનના માચડા પર રાતોરાત બુલડોઝર અને આધુનિક મશીનરીઓ ફેરવી પુરાવાનો નાશ કોના આદેશથી કરાયો અને આ અંગે કોઈ લેખિત સુચના ન હોવા છતાં અધિકારીઓ દ્વારા માચડો હટાવી લેવાયો પોલીસ અને મહાનગરપાલિકામાં ફાઈલ કોના કહેવાથી ગુમ કરી આવી અનેક બાબતો ની તપાસ હજુ બહાર આવી નથી ત્યારે પીડિતોને ન્યાય મળશે કે કેમ તે એક શંકા હોવાને પગલે આપણે સૌ સાથે મળી જે કાંઈ પદાધિકારીઓ કે કોર્પોરેટરની આમાં સંડોવણી હોય તે અને જે કંઈ મોટા આઇપીએસ ને આઈએએસ અધિકારીઓ હોય તે જેલ ભેગા થાય અને પીડિતો ને ન્યાય મળે અને વધુ વળતર સરકાર દ્વારા ચૂકવાઇ એ બાબતને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ અને રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા અગ્નિકાડ ની ઘટના બાદ વખતો વખત લેખિત રજૂઆતો થઈ છે. પરંતુ તેમાં સરકાર દ્વારા કોઈ પ્રત્યુતર ન મળતા રાજકોટ બંધનું એલાન આપવામાં આવેલ છે. ઉપરોક્ત કોંગ્રેસના આગેવાનો એ શહેરને શાંતિપૂર્ણ રીતે સ્વયંભૂ અને સજ્જડ બંધ રહે તે માટે અપીલ કરી છે.

## પીડિતની લાગણીસભર આક્રોશ

# બંધનુ એલાન માત્ર અમારી જ નહીં સમગ્ર રાજકોટના આત્મસન્માનની કસોટી



















(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૨

ગેમઝોન અગ્નિકાંડના આજે ૮ જેટલા પરિવારોએ પોતાના પરિવારજન માટે ન્યાયની માંગણીને લઇ આજે તમામ પરિવારો એક સાથે રેસકોર્ષ ખાતે એક સાથે એકઠા થઈને ૨૫મી જૂને રાજકોટ બંધના એલાનમા સમગ્ર રાજકોટવાસીઓને જોડાવા અપીલ કરી હતી.પીડિતોએ જણાવ્યુ હતુ કે અમારે કોઇ પણ સંજોગે ન્યાય જોઈએ છે ત્યારે સરકાર નક્કર કાર્યવાહી કરવાના બદલે નાના નાના માછલાઓને પકડીને તપાસ ગેરમાર્ગે દોરી રહી છે જવાબદાર મોટા મગરમચ્છોને કોઇ વાળ વાંકો કરી શકતા નથી. ભૂતકાળમાં જેટલી દુર્ઘટનાઓ બની તેમ SITએ ભીનું સંકેલવાનો પ્રયાસ કર્યો છે ત્યારે અમારી માંગ છે કે આમાં કોઇ સારા નોનકરપ્ટેડ અધિકારી પાસે તપાસ કરાવો અને જવાબદાર જે જે હોય તેમની ધરપકડ કરવામાં આવે. આ કેસની પારદર્શક તપાસ બાદ ફાસ્ટ્રેક કેસમા ચલાવવા અમારી માંગ છે.

પીડિતોએ પ્લેકાર્ડ સાથે સૂતેલા સરકાર અને વહિવટી તંત્રને આડા હાથ લીધા હતા અને કહ્યુ હતુ કે અમે ભૂતકાળમા અનેક એસઆઈટીઓ જોઈ છે કોઈને હજુ ન્યાય મળ્યો નથી ત્યારે આ દુર્ઘટનામા અમારા સ્વજન માટે અમે કોઈ પણ સંજોગે ન્યાય લેવાના છે. અમારા સ્વજન ગુમાવ્યા એનો આજે એક મહિનો થયો છે કાર્યવાહી કઈ થઈ છે ખરા ? આજે લોકો જાગૃતતાનો અભાવ છે એટલે જ કોઈને ભૂતકાળમા ન્યાય મળ્યો નથી! લડ્યા વગર આ બહેરી સરકાર કોઇ દિવસ સ્વેચ્છિક કાર્યવાહી કરવાની નથી જેથી અમે ૨૫ મી જૂન રાજકોટ બંધનો અમે એલાન કર્યું છે જેથી સુતેલી સરકાર જાગે.આ માત્ર અમારા પીડિત પરિવારોની લડાઈ નથી પરંતુ રાજકોટવાસીઓની આત્મસન્માનની ખરી કસોટી છે. જો રાજકોટવાસીઓનો આંતરઆત્મા થોડો એવો જાગતો હસે તમામ રાજકોટવાસીઓ સ્વેચ્છિક અમને સમર્થન આપશે. અમને અમારા શહેરીજનો પર સપૂર્ણ ભરોશો છે કે તેઓ અમારી લડાઇમા સૌ અમારા પરિવારજન હોય તેમ સહયોગ આપશે. અમે કોઇ પક્ષાપક્ષીમા પડવા નથી માંગતા જેથી તમામ રાજકીય પક્ષો,સામાજિક સંગઠનો,તમામ એશોસિયનનો અમારી આ દુઃખભર્યા સમયમા પડખે રહેશે.

એક પીડિત પરિવારે જણાવ્યું હતુ કે આજે અમે ભોગ બન્યા છે આવનારા સમયમા બીજા કોઇ ભોગ ના બનો એટલે આ લડાઈ રાજકોટવાસીઓ સૌ જોડશે તેવી ફરીથી અપીલ કરીયે છે.પીડિત પરિવારોએ પોતાના પર આવેલ દુખના વાદળો સાથે દર્દભરી લાગણીઓથી સમગ્ર રાજકોટવાસીઓને અપીલ કરી હતી કે માનવતાની રૂહે રાજકોટ બંધના એલાનમા અમને સમર્થન આપશો.

## રાજકોટ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરે બિરાજતા દેવોને રંગબેરંગી પુષ્પોના અલૌકિક અને દિવ્ય શણગાર



(દર્શન મકવાણા દ્વારા)

રાજકોટ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે આજે પૂનમના પવિત્ર દિવસે મંદિરના મહંત શાસ્ત્રી પૂ.રાધારમણદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ , સંતો ,પૂજારીઓ તેમજ હરિભક્તો દ્વારા મંદિરમાં બિરાજતા શ્રી લક્ષ્મીનારાયણ દેવ , વ્હાલા વ્હાલા શ્રી ઘનશ્યામ મહારાજ , શ્રી હરિકૃષ્ણ મહારાજ સહિતના આદિક દેવોને ગુલાબ , મોગરો , અર્ચિત , ટગર જેવા વિવિધ ફુલોના અલૌકિક મનમોહક અને દિવ્ય શણગાર કરવામાં આવ્યા છે જેના દર્શન કરી ભક્તોએ ધન્યતા અનુભવી છે , અહીં સતત બે માસ થી ફૂલોના શણગાર કરવામાં આવી રહ્યા છે આ અલૌકિક અને દિવ્ય દર્શનનો લાભ લેવા પધારવા શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરની યાદીમાં જણાવાયું છે

### રાજકોટ મહાનગરપાલિકા દ્વારા

## ધોળકિયા સ્કૂના વિદ્યાર્થીઓને ફાયર સેફટીના ઉપકરણોનું લાઈવ ડેમોસ્ટ્રેશન કરાયું



રાજકોટ : આકસ્મિક દુર્ઘટનાઓ સામે 'ચેતતા નર સદા સુખી' ઉક્તિને સાર્થક કરી ધોળકિયા સ્કૂલ્સ દ્વારા વિદ્યાર્થીઓ માટે ખાસ કાર્યક્રમનં આયોજન કરવામાં આવ્યું જેમાં રાજકોટ મહાનગરપાલિકાના ફાયર સેફટી વિભાગના ઝુણેજા અને તેમની ટીમ દ્વારા આગ બુઝાવવાના વિવિધ ઉપકરણો અને ફાયર સેફટી વ્હીકલના કામગીરી વિશે વિસ્તૃત માહિતી સાથે શાળાના વિદ્યાર્થીઓને લાઈવ ડેમોસ્ટ્રેશન બતાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ જોડાઈને માર્ગદર્શન મેળવ્યું હતું અને ભવિષ્યની આકસ્મિક ઘટનાઓ સામે સચેત થવા માટે સજ્જ થયા હતા. આ કાર્યક્રમમાં શાળાના ટ્રસ્ટી જીતુભાઈ ધોળકિયા ઉપસ્થિત રહી ફાયર સેફટીના અધિકારીઓને અભિનંદન સાથે આભારની લાગણી વ્યકત કરી હતી.

## મોરની પ્રતિમાનું અનાવરણ કરતાં કોર્પોરેટર કિર્તીબા રાણા



રાજકોટ : મહાનગર પાલીકાના વોર્ડ નં.૧૭ના કોર્પોરેટર કિર્તીબા રાણા દ્વારા વોર્ડમાં સતત સક્રિય રહી વિકાસ કાર્યોની સાથો સાથ લોકસેવાના કાર્યોને પણ વેગવંતા બનાવ્યા છે ત્યારે હંમેશા લોકોની વચ્ચે રહી લોકપ્રશ્નોને વાચા આપવામાં અગ્રેસર રહ્યા છે. ત્યારે વોર્ડમાં આવેલ હુડકો ખાતે આશાપુરાનગરમાં આવેલ આશાપુરા મંદિરમાં માતા સરસ્વતીના વાહન એવા રાષ્ટ્રીય પક્ષી મોરની પ્રતિમાનું અનાવરણ લતાવાસીઓની બહોળી ઉપસ્થિતીમાં ભાજપના કોર્પોરેટર અને રાજશકિત મહિલા મંડળના પ્રમુખ કિર્તીબા રાણાના હસ્તે અનાવરણ કરવામાં આવેલ છે. આ તકે વોર્ડ નં.૧૭ ના દક્ષાબા પરમાર, વિલાસબા જાડેજા, હિનાબા જાડેજા, પુષ્પાબા, ઉમાબા, બંસીબા, દશુબા સરવૈયા, નયનાબા, મોનાબા જાડેજા, જયશ્રી બા અને સુમનબા સહિતના ઉપસ્થિત રહયા હતા.

# અનુસંધાન પહેલા પાનાનું

## આઠ માસ બાદ જીએસટી કાઉન્સીલની બેઠક

કરોડની ટેકસ ચોરીનો દાવો કરવામાં આવ્યો હતો. આ રિકવરી નોટીસ સામે અનેક કંપનીઓએ કોર્ટમાં દાવા કર્યા છે.આ ઉપરાંત કોર્પોરેટ કંપનીઓ દ્વારા પેટા કંપનીઓ માટે અપાતી ગેરંટી પર ૧૮ ટકા જીએસટીના નિયમની પણ સમીક્ષા કરવામાં આવે તેવી સંભાવના છે. પંજાબ એન્ડ હરિયાણા હાઈકોર્ટે ટેકસ વિભાગના આ પરિપત્ર પર સ્ટે આપી જ દીધો છે ત્યારે તેના કાનૂની પાસાઓની ચર્ચા થઈ શકે છે. ખાતર કંપનીઓ તથા ખેડુતેના હિતમાં ખાતરની કાચી સામગ્રી પર જીએસટી ઘટાડવામાં આવે તેવી સંભાવના છે. હાલ ખાતર પર પાંચ ટકા જીએસટી છે.

## શાકભાજીમાં વર્ષમાં ૬૫ ટકા ભાવ વધારો

પણ ધીમી પડી છે. શુક્રવારે જાહેર એમપીસી (નીતિ સમિતિ)ની નોંધ મુજબ રીઝર્વ બેંકના ગર્વનર શકિતકાંત દાસે આ મહિનાની શરૂઆતમાં મીટીંગમાં કહ્યું હતું કે મુખ્ય જથ્થાબંધ મોંઘવારી ઘટી રહી છે પણ તેની ગતિ ધીમી છે. ફુગાવામાં ઘટાડાનો છેલ્લો તબકકો ધીમે ધીમે લાંબો થતો જાય છે.

છતાં સામાન્ય ચોમાસુ આ ભાવ ઘટાડી શકશે તેવી આશા છે. ચોમાસુ હાલ આશા મુજબ આગળ વધે તો ઓગષ્ટમાં શાકભાજીના ભાવ ઘટી શકે છે. જોકે ઓછા પુરવઠાથી દૂધ અનાજ અને દાળની કિંમતો ખુબ ઉંચી રહેવાની શંકા છે. આગામી સિઝનમાં ઉત્પાદન ઘટવાથી ખાંડની કિંમત પણ વધવાનો ભય છે.

## કાયદાના ૩૦૦૦ વિદ્યાર્થીઓનું ભાવિ અધ્ધરતાલ

BCIના નિર્ણયને ગુજરાત હાઈકોર્ટમાં પડકાર્યો હતો. વરિષ્ઠ વકીલ સુધીર નાણાવટી દ્વારા પ્રતિનિધિત્ કરીને, તેઓએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે કામચલાઉ માન્યતા પ્રાપ્ત કરી હતી.જો કે, હવે શૈક્ષણિક વર્ષ સમાપ્ત થવાથી, પ્રવેશ મેળવવા માંગતા નવા વિદ્યાર્થીઓ અનિશ્ચિતતામાં મુકાઈ ગયા છે, તેઓ હાઈકોર્ટના નિર્ણય અને અનુગામી વલણની રાહ જોઈ રહ્યા છે.સૂત્રો જણાવે છે કે કેટલીક યુનિવર્સિટીઓ અને કોલેજોએ, BCIની માન્યતાની જરૂરિયાતને નજરઅંદાજ કરીને, વિદ્યાર્થીઓને સંભવિત પરિણામોની જાણ કર્યા વિના પ્રવેશ મંજૂર કર્યો હતો.

પારદર્શિતાના આ અભાવે એલએલબીના ઘણા વિદ્યાર્થીઓને મુશ્કેલ સ્થિતિમાં મૂકયા છે.અનિશ્ચિતતા હોવા છતાં, સરકારી સહાયિત કોલેજો, સ્વ-નાણાકીય સંસ્થાઓની તુલનામાં તેમની નોંધપાત્ર રીતે ઓછી ફી સાથે, મહત્વાકાંક્ષી વકીલો માટે લોકપ્રિય પસંદગી રહે છે, જે આ મુદ્દાને વધુ જટિલ બનાવે છે.

## ૨ થી વધુ બાળકો ધરાવતા લોકો મુંબઈમાં સોસાયટી કમિટી મેમ્બર નહીં બની શકે: બોમ્બે હાઈકોર્ટ

તેને એક્ટની બહાર રાખવામાં આવ્યો છે. જ્યાં સુધી ત્રીજા બાળકની વાત છે, તે તેનું બાળક નથી. તે બાળકને તેના ઘરે અભ્યાસ માટે લાવવામાં આવ્યો હતો.

તે જ સમયે, ફરિયાદીનું પ્રતિનિધિત્વ કરતા એડવોકેટએ દાવો કર્યો હતો કે, રજિસ્ટ્રારનો આદેશ કાયદાકીય દાયરામાં છે. તેમાં કોઈ ખામી નથી. સમિતિના સભ્યને ગેરલાયક ઠેરવવાનો નિર્ણય સાચો છે, તેથી તેમાં હસ્તક્ષેપની જરૂર નથી. સુનાવણી બાદ જસ્ટિસ અવિનાશ ઘરોટેએ સ્વીકાર્યું કે, MCS એક્ટ ૧૯૬૦માં ૨૦૧૯ના સુધારા દ્વારા રજૂ કરાયેલા નાના પરિવાર સાથે સંબંધિત નિયમ આ કેસમાં લાગુ છે.

આ નિયમ સોસાયટીની મેનેજિંગ કમિટીના સભ્ય બનવા માટે અયોગ્ય બનાવે છે. કાયદાની કલમ ૧૫૪-બી સ્પષ્ટ કરે છે કે જો કોઈને બે કરતાં વધુ બાળકો હોય તો તે અનિવાર્યપણે અયોગ્ય બની જાય છે. અમને રજિસ્ટ્રારના આદેશમાં કોઈ ખામી જણાતી નથી. તે વ્યક્તિ તેના ત્રીજા બાળકનું જન્મ પ્રમાણપત્ર બતાવવામાં નિષ્ફળ ગયો.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
ADVERSITING HERE
ઘરે બેઠા મિનિટોમાં વ્હોટ્સએપ દ્વારા આપની ટચુકડી જાહેરાત પ્રસિધ્ધ કરાવો
એક લાઈનના 5 Rs.
મિનિમમ ૫ લાઈન ફરજીયાત
+5%GST
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

# કેન્દ્ર સરકાર દ્વારા મગફળી, કપાસ, તલ, મકાઈ, બાજરી, અડદ જેવા ૧૪ પાકો પર ટેકાના ભાવ જાહેર : વિજય કોરાટ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૨

રાજ્યના ખેડૂતોને તેમની ઉપજના પોષણક્ષમ ભાવ સાથે આર્થિક રક્ષણ પણ મળી રહે તે માટે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની કેન્દ્ર સરકાર દ્વારા મગફળી, કપાસ, તલ, મકાઈ, બાજરી, અડદ જેવા ૧૪ પાકો પર ટેકાના ભાવ જાહેર કરવામાં આવ્યા છે.

વિજયભાઈ કોરાટએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન આપતા જણાવ્યું હતું કે, નરેન્દ્રભાઈ મોદી જ્યારથી કેન્દ્રમાં વડાપ્રધાન પદની જવાબદારી સંભાળી છે ત્યારથી દર વર્ષે સમયાંતરે ખેડૂતોના પાક માટે ટેકાના ભાવ જાહેર કરવામાં આવ્યા છે. કેન્દ્ર સરકાર ખેડૂતોની આવકવધારી તેમની આર્થિક સ્થિતિ સુધારવાની દિશામાં સતત કામ કરી રહ્યું છે.



વિજયભાઈ કોરાટએ જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે રાજ્યના ખેડૂતો અને કૃષિકારોના ઉત્કર્ષ માટે પ્રોત્સાહક યોજનાઓની જાહેરાતો થતી હોય છે. જેનાથી ખેડૂતોને આવતા સમયમાં ખુબ જ આર્થીક ફાયદો થાય છે. કેન્દ્ર સરકાર દ્વારા મગફળી, મગ, અડદ અને સોયાબીન જેવા વિવિધ પાકના ટેકાના ભાવ જાહેર કરી મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. કુલ વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને રાખીને રાજ્યમાં વિવિધ પાકોના મણ પર ટેકાના ભાવ જાહેર કરવામાં આવ્યા છે જેમાં મગફળી માટે ૧૩૫૬, કપાસ માટે ૧૫૦૪, સોયાબીન માટે ૧૪૨૪, તલ માટે ૧૮૫૩, રામતલ માટે ૧૭૪૩, તુવેર માટે ૧૫૧૦, મગ માટે ૧૭૩૬, અડદ માટે ૧૪૮૦, મકાઈ માટે ૪૪૫, બાજરી માટે ૫૨૫, રાગી ૮૫૮, જુવારી ૫૨૫, રોગી ૮૫૮, જુવાર ૬૭૪, ડાંગર ૪૬૦, સૂર્યમુખીના બીજ ૧૪૫૬ રૂપિયા જેટલા ટેકાના ભાવ જાહેર કરવામાં આવ્યા છે વિવિધ પાકો ઉપરાંત શ્રીધાન (મિલેટ્સ) પર પણ ટેકાના ભાવ જાહેર કરવામાં આવ્યા છે. જેથી ખેડૂતો પોતાના પાકમાં મિલેટસ પાકોનું પણ વધારે વાવેતર કરી સારી ઉપજ લઈ શકે.

ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચા મંત્રી વિજયભાઈ કોરાટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની કેન્દ્ર સરકાર, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ ભાજપા અધ્યક્ષ સી.આર.પાટીલનો આભાર વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા હતા.

# બિનખેતી થયેલી જમીનોની નોંધની ચકાસણી કરવા માંગ

## ઈન્દ્રનીલ રાજયગુરૂની આગેવાનીમાં દાહોદ જીલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૨

રાજ્યમાં આદિવાસી વિસ્તારોમાં જમીન મહેસુલ કાયદાની કલમ ૭૩ એએ મુજબ બિન આદિવાસી વ્યક્તિએ ઉદ્યોગો જિલ્લા કલેકટરની મંજૂરી વગર જમીન ખરીદી કરી શકે નહીં તેવી જોગવાઈ હોવા છતાં અનેક કિસ્સામાં જિલ્લા કલેકટરના બનાવટી પ્રમાણપત્ર મેળવી લઈ આદિવાસી લોકોની જમીન છીનવી લેવામાં આવી હોવાનો આરોપ



લગાવવામાં આવ્યો છે, કોંગ્રેસના હાથ સે હાથ જોડો અભિયાન અંતર્ગત અભિયાનના કન્વીનર ઈન્દ્રનીલ રાજ્યગુરુની આગેવાનીમાં દાહોદ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું અને દાહોદ જિલ્લો અસ્તિત્વમાં આવ્યો ત્યારથી બિનખેતી થયેલી જમીનોની નોંધની ચકાસણી કરવા માંગ ઉઠાવવમાં આવી હતી.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા હાથ સે હાથ જોડો અભિયાન અંતર્ગત દાહોદ જિલ્લામાં બનાવટી હુકમો કરી સરકારને કરોડો રૂપિયાનું નુકશાન પહોંચાડી જમીનમહેસુલ કાયદાની કલમ ૭૩એએ નિયંત્રણ પ્રકારની જમીન ગેરકાયદેસર તબદીલ કરવાની મંજૂરી આપનાર સામે પગલાં ભરવાની માંગ સાથે હાથ સે હાથ જોડો અભિયાનના કન્વીનર ઈન્દ્રનીલ રાજ્યગુરુની આગેવાનીમાં દાહોદ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.રજુઆતમાં જ્યારથી દાહોદ જિલ્લો અસ્તિત્વમાં આવ્યો ત્યારથી અત્યાર સુધીમાં બિનખેતીના થયેલા હુકમોની ગામ દફતરે પડેલી તમામ નોંધણી ચકાસણી કરી ગેરરીતિ આચરવામાં આવી હોય તે તમામ કેસમાં જવાબદારો સામે કડક પગલાં ભરવા માંગ કરવામાં આવી હતી.

આ રજૂઆત સમયે ગેંદલભાઈ ડામોર, પ્રભાબેન તાવીયાડ, વજેસિંગ ઉપરાંત જીલ્લા કોંગ્રેસ પ્રમુખ હર્ષદભાઈ, અનંતભાઈ તેમ જ હેમંતભાઈ વીરડા વગેરે જોડાયા હતા.

# સાંસ્કૃતિક રાષ્ટ્રવાદી વિચારધારા સાથે લોકતાંત્રિક રાજનીતિને વરેલ ભાજપ આદ્યસ્થાપક ડો. શ્યામાપ્રસાદ મુખર્જીને પુણ્યતિથિ પર કોટી કોટી વંદનઃરાજુ ધ્રુવ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૨

૨૩ જૂન, ૧૯૫૩ના રોજ પ્રખર રાષ્ટ્રભકત મહામાનવ ડો. શ્યામાપ્રસાદ મુખર્જીને દેશ ની એકતા અખંડિતતાના રક્ષણ માટે પોતાના પ્રાણનું બલિદાન આપ્યું. રાષ્ટ્ર નિર્માતા મહાનાયક સરદાર પટેલના અવસાન બાદ આપખુદ અને અવિચારી બની ૩૭૦ મી કલમ લાગુ કરી દેશ ની એકતા અને અખંડિતતા ને જોખમ માં મુકનાર કોંગ્રેસની રાષ્ટ્રહિત-હિન્દૂ વિરોધી નીતિ નો જડબાતોડ જવાબ જેમણે ભારતને એક સશક્ત અને રાષ્ટ્રવાદને સંપૂર્ણ સમર્પિત રાજકીય પક્ષ 'ભારતીય જનસંઘ (ભારતીય જનતા પાર્ટી) ની સ્થાપના કરીને આપ્યો અને સાથે જ સમગ્ર ભારમાં દેશની જમીનમાં મૂળિયા ધરાવતી દેશ ને જોડતી રાષ્ટ્રવાદી વિચારધારા અને દેશભક્તિની સુવાસ ફેલાવી. ડો. શ્યામાપ્રસાદ મુખર્જી એક એવા દુરદ્રષ્ટા ભવિષ્યદર્શી રાજપુરુષ હતા કે જેમણે ડગલેને પગલે તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નેહરૂની પોકળ સમાજવાદી- સામ્યવાદી નીતિઓનો વિરોધ કર્યો હતો અને નવા-સવા આઝાદ થયેલો દેશ લોકશાહીના પથ પર ચાલતો રહે અને તેને ભાગલાવાદી માનસિકતા સાથે તુષ્ટિકરની અન્યાયકારી નીતિઓ દ્વારા દેશ ની એકતા અને અખંડિતતાને નુકસાન ન પહોંચે, નવનિર્મિત રાષ્ટ્ર સાથે જમ્મુ કાશ્મીરને જોડાયેલું રાખવા માટે પોતાનું જીવન ભારતમાતાના ચરણે સમર્પિત કર્યું ,દેશ ની એકતા અને અખંડિતતાની યજ્ઞવેદીમાં પોતાના પ્રાણની આહુતિ અર્પણ કરી દેશની અખંડિતતાનું રક્ષણ કર્યું.

મહાન શિક્ષણશાસ્ત્રી ડો. શ્યામાપ્રસાદ મુખર્જીનો જન્મ ૬ જુલાઈ ૧૯૦૧ના રોજ એક પ્રખ્યાત બંગાળી પરિવારમાં મહાન વિદ્વાન પ્રખર દેશભક્ત શ્રી આશુતોષ મુખર્જી અને મા જોગમાયાદેવી ના પવિત્ર તીર્થભૂમિ સમાન ઘરે થયો હતો. તેમના પિતા મહાન શિક્ષણવિદ કાયદાશાસ્ત્રી શ્રી આસુતોષ મુખર્જી બંગાળમાં ખૂબ જ જાણીતા સુપ્રસિદ્ધ વિદ્વાન હતા. ડો. શ્યામાપ્રસાદ મુખર્જી કલકત્તા યુનિવર્સિટીમાંથી સ્નાતક થયા બાદ વર્ષ ૧૯૨૩ માં સેનેટના ફેલો બન્યા. તેમણે તેમના પિતાના અવસાન પછી વર્ષ ૧૯૨૪ માં કલકત્તા હાઈકોર્ટમાં એડવોકેટ તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરેલી. ત્યારબાદ તેઓ વર્ષ ૧૯૨૬ માં અભ્યાસ માટે ઈંગ્લેન્ડ ગયા અને વર્ષ ૧૯૨૭ માં બેરિસ્ટર બન્યા. કુશાગ્ર બુદ્ધિચાતુર્ય ધરાવનાર ડો. શ્યામાપ્રસાદ મુખર્જી ફકત ૩૩ વર્ષની ઉંમરે કલકત્તા યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર સમગ્ર વિશ્વમાં શિક્ષણક્ષેત્રે સૌથી યુવાન વયે બન્યા અને તેમણે વર્ષ ૧૯૩૮ સુધી ગરીમાંપૂર્ણ આ પદ સંભાળ્યું.

સરદાર પટેલના અવસાન બાદ જમ્મુ કાશ્મીર અને ચીન અંગે નિરંકુશ બની દેશહિત અને હિન્દૂ હિત વિરોધી નિર્ણયો વડાપ્રધાન જવાહરલાલ નેહરુએ લીધા હતા જેના માઠા પરિણામ આજે પણ દેશ ભોગવી રહ્યો છે. સરદાર વલ્લભભાઈ પટેલની જેમ જ ડો. શ્યામપ્રસાદ મુખર્જી પણ પહેલેથી જ કાશ્મીરને વિશિષ્ટ રાજયનો દરજ્જો આપવાના કોંગ્રેસના નિર્ણયના વિરોધી હતા. પરંતુ તેમ છતાંય વડાપ્રધાન જવાહરલાલ નેહરૂ પોતાના અવિચારી નિર્ણય પર અડગ રહ્યા અને તેનું પરિણામ વર્ષો સુધી સમગ્ર ભારત દેશ અને ભારતની જનતાએ ભોગવ્યું. પરંતુ વર્ષો બાદ આપણાં લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૩૭૦ ની કલમ હટાવીને ડો. શ્યામાપ્રસાદ મુખર્જીના અધૂરા સ્વપનને પૂર્ણ કર્યું અને સાથે જ કાશ્મીર અને કાશ્મીરના લોકોને અખંડ ભારતમાં સ્વાભાવિક અને સહજ આવકાર આપ્યો.

આઝાદીના સંઘર્ષ દરમિયાન તેમજ આઝાદી બાદ પણ ડો. શ્યામપ્રસાદ મુખર્જી કોંગ્રેસ પ્રેરિત પોકળ સામ્યવાદી નીતિઓના પ્રખર વિરોધી રહ્યા હતા. વચગાળાની કેન્દ્ર સરકારમાં ઉદ્યોગ અને પુરવઠા મંત્રી બન્યા હતા. પરંતુ લિકાયત અલી ખાન સાથે દિલ્હી કરારના મુદ્દે, ડો.શ્યામપ્રસાદ મુખર્જીએ પોતાની મજબૂત રાષ્ટ્રવાદી વિચારધારા અને રાષ્ટ્રહિત વિરોધી નીતિ નિર્ણયો માટે કોઈ પણ પ્રકારનું સમાધાન કર્યા વગર વડાપ્રધાન પં. નેહરૂના નેતૃત્વ વાળી કેન્દ્રીય કેબીનેટમાંથી રાજીનામું આપી દીધું. સત્તાની સહેજ પણ લાલસા વગર ડો. શ્યામપ્રસાદ મુખર્જી હંમેશા ભારતીય લોકશાહી મૂલ્યો તેમજ જનહિત સાથે લોકસેવા અને રાષ્ટ્રવાદની ભાવનાને વળગી રહ્યા.

કોંગ્રેસ અને વડાપ્રધાન પં.નેહરુ હંમેશાથી સામ્યવાદી-સમાજવાદી નીતિઓ અને તુષ્ટિકરણની રાજનીતિ રમી રહ્યા હતા. આથી દેશના લોકશાહી હિતો જળવાઈ રહે અને દેશની જનતાને કોંગ્રેસનો વિકલ્પ મળી શકે તે માટે ડો. શ્યામાપ્રસાદ મુખર્જીએ આરએસએસના દ્વિતીય સરસંઘચાલક શ્રી ગુરુજી(માધવરાવ સદાશિવરાવ ગોલવલકરજી સાથે ચર્ચા કર્યા બાદ ,૨૧મી ઑક્ટોબર ૧૯૫૧ ના રોજ દિલ્હી ખાતે ભારતીય જનસંઘની સ્થાપના કરી હતી અને તેઓ આ મહાન રાષ્ટ્રવાદી પાર્ટીના પ્રથમ પ્રમુખ બન્યા હતા. ૧૯૫૨ની ચૂંટણીમાં, ભારતીય જનસંઘે સંસદમાં ૩ બેઠકો જીતી હતી જેમાંથી એક બેઠક ડો. શ્યામા પ્રસાદ મુખર્જી પોતે જીત્યા હતા. જે બાદ તેમણે સંસદની અંદર નેશનલ ડેમોક્રેટિક પાર્ટીની રચના કરી હતી જેમાં લોકસભાના ૩૨ સભ્યો અને રાજ્યસભાના ૧૦ સભ્યો હતા. તેમ છતાંય ડો. શ્યામાપ્રસાદ મુખર્જીનાં આ વિરોધ પક્ષના ગઠબંધનને વડાપ્રધાન પં. નહેરુ ના ડો મુખર્જી પ્રત્યેના તેજોદ્વેષના સંસદમાં સ્પીકરે વિરોધ પક્ષ તરીકે મળવાપાત્ર માન્યતા આપી ન હતી.

ડો. શ્યામાપ્રસાદ મુખર્જીનું વર્ષ ૧૯૫૩ માં ૫૨ વર્ષની વયે કાશ્મીર આંદોલન દરમિયાન કેન્દ્રના શાસકો તથા રાજ્યના શાસકોની મિલીભગત દ્વારા ષડયંત્રકારી કારનામાઓના કારણે કાશ્મીરમાં શ્રીનગરની જેલમાં શંકાસ્પદ મૃત્યુ થતાં ભારતીય જનસંઘના નેતૃત્વ હેઠળ કોંગ્રેસની આપખુદશાહી જોહુકમીના વિરોધ માં ભારતીય રાજકારણમાં એક શૂન્યાવકાશ સર્જાયો હતો. તેમ છતાં, તેમના વિચારોએ તેમના પગલે ચાલનારા ભારતીય જનસંઘ પક્ષ તથા સંઘ પરિવારના અસંખ્ય કાર્યકર્તાઓ-નેતાઓને પ્રેરણા આપવાનું ચાલુ રાખ્યું. ભારતમાં લોકશાહી મૂલ્યો સાથે રાષ્ટ્ર સર્વોપરી- રાષ્ટ્ર પ્રથમ ની ચળવળ માટે મજબૂત વૈચારિક ક્રાંતિ ના વિકાસમાં તેમનું યોગદાન રાષ્ટ્રના રાજકીય નકશાને આકાર આપવામાં મુખ્ય પરિબળ રહ્યું છે.

આજે, ડો.શ્યામાપ્રસાદ મુખર્જીનાં રાષ્ટ્રવાદ, સાંસ્કૃતિક વારસો અને સુશાસનના સિદ્ધાંતો તથા રાષ્ટ્રવાદી વિચારધારા ભાજપ ના પાયાના આધાર છે. ભારતીય જનતા પાર્ટી ના કરોડો કાર્યકર્તાઓ અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આ સિદ્ધાંતો આદર્શોને સતત આગળ વધારવાનું કાર્ય કરી રહયા છે. જેમ જેમ ભારત વિશ્વગુરુ - મહાસત્તા બનવા ની દિશામાં અનેક પડકારોને ઝીલી સામનો કરીને પ્રગતિ કરી રહ્યું છે તેમ મહાનાયક ડો.શ્યામાપ્રસાદ મુખર્જીનો અમૂલ્ય વારસા સમાન ભારતીય જનતા પક્ષ આપણા મહાન દેશની મૂળ સાંસ્કૃતિક ઓળખને જાળવવા, રાષ્ટ્રીય એકતા-અખંડિતતાને બળ આપી મજબૂત કરવા અને રાષ્ટ્ર અને તેના લોકોના ભલા માટે પારદર્શી સુશાસન કરવા તથા દેશના એક એક નાગરિકની સુખાકારી સાથે રાષ્ટ્રવાદની ભાવનાને જાગ્રત કરવાના અભિયાનમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સમર્પિત, સંકલ્પીત, કટિબદ્ધ થઇ કાર્યશીલ છે તેમ ભાજપ પ્રવક્તા રાજુભાઇ ધ્રુવે ડો. શ્યામાપ્રસાદ મુખર્જીને શત શત વંદન કરતા જણાવ્યું છે.

# શેરબજારની તેજીના પગલે અનલિસ્ટેડ શેરોના વોલ્યુમમાં ઉછાળો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૨

શેરબજારમાં તેજી થઈ રહી છે. પ્રાઈમરી માર્કેટમાં પણ તેજી થઈ છે. તેના પગલે-પગલે અનલિસ્ટેડ શેરોના ભાવોમાં પણ તીવ્ર ઉછાળો જોવા મળી રહ્યો છે. મળતી માહિતી પ્રમાણે અનલિસ્ટેડ શેરોની માંગ વધી છે. સારી-સારી કંપનીઓના શેરોના ભાવો વધ્યા છે. જે કંપનીના આઇ.પી.ઓ નજીકના ભવિષ્યમાં આવવાની શક્યતા વધારે છે તેવી કંપનીઓના શેરોની ડિમાન્ડ વધારે છે. સામાન્ય રીતે રોકાણકારો લિસ્ટેડ કંપનીઓમાં જ રોકાણ કરતા હોય છે, પરંતુ આ ટ્રેન્ડ બદલી રહ્યો છે અને લોકો અનલિસ્ટેડ શેરોમાં પણ રોકાણ કરતા ડરતા નથી.



લોકો જે રીતે મ્યુચ્યુઅલ ફંડ માં રોકાણ કરી રહ્યા છે. બજારમાંથી શેરો ખરીદી રહ્યા છે અથવા તો પ્રાઇમરી માર્કેટમાં આઇ.પી.ઓ માં શેરો મેળવવા અરજી કરી રહ્યા છે. તે જ રીતે અનલિસ્ટેડ કંપનીઓના શેરોમાં પણ રોકાણ વધારી રહ્યા છે. જે ખરેખર નવાઈની વાત છે અને અનલિસ્ટેડ શેરોમાં રોકાણ કરવા વાળો વર્ગ વધતો જાય છે.આવા રોકાણ કરનારાઓ જે કંપનીઓમાં રોકાણ કરે છે તેનો અભ્યાસ કર્યો હોય છે. કંપની વિશે પૂરેપૂરી માહિતી મેળવીને સારા બ્રોકર પાસેથી શેરો ખરીદતા હોય છે અને ઘણી વખત આવા શેરોમાં ખરીદી કરીને અનેક ગણાં વળતર પણ મેળવતા હોય છે.

શેરબજારના નિષ્ણાંત પરેશભાઈ વાઘાણીના જણાવ્યાનુસાર અનલિસ્ટેડ શેરોનું માર્કેટ ખૂબ જ મોટું છે અને છેલ્લા એક બે વર્ષથી અનલિસ્ટેડ શેરોમાં ખરીદી-વેચાણ ખૂબ જ વધ્યા છે.અમુક સારી-સારી કંપનીઓના મોટા સોદા થતા હોય છે. જેમાં રોકાણકારો રૂપિયા રોકીને ખૂબ જ સારું વળતર મેળવતા હોય છે. શેરબજારની તેજી પાછળ અનલિસ્ટેડ શેરોની ડિમાન્ડ વધી છે અને તેમાં પણ લોકો સક્રિય પણે ભાગ લેતા થયા છે. લિસ્ટિંગ પહેલા મોટી સારી કંપનીના શેરો મેળવવા માટે અનલિસ્ટેડ શેરોનું માર્કેટ ખૂબ જ મહત્વનું સાબિત થયું છે અને આવનારા દિવસોમાં હજુ પણ અનલિમિટેડ શેરોનું માર્કેટ બેવડાશે.

અનલિસ્ટેડ શેરોમાં હાલ આ દસ મુખ્ય શેરો છે જેને ખૂબ સારું વળતર આપ્યું છે અને હાલ લોકોમાં આ શેરોની ખૂબ જ ડીમાન્ડ છે. આ ઊપરાંત ઓયો, સ્વીગી, ઓલા, એચ.ડી.એફ.સી સિક્યુરિટી, ફિનકેર બિઝનેસ, ફિનો પેમેન્ટ, ગોવા શિપ્યાર્ડ અને એરટેલ પેમેન્ટ બેંક જેવા અનલિસ્ટેડ શેરો પણ આવેલા છે. જેના આઇ.પી.ઓ નજીક ભવિષ્યમાં આવી શકે છે.

# શ્રીકષ્ટભંજનદેવ દાદાને ફુલોનો દિવ્ય શણગાર તથા દિવ્ય ષોડશોપચાર પૂજનનું આયોજન



વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી પૂનમ નિમિતે આજે સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી તથા ૭ કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી (અથાણાવાળા) દ્વારા કરવામાં આવેલ. દાદાને ગુલાબ એવં રંગબેરંગી ફુલોનો દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો. તેમજ મંદિરની યજ્ઞશાળામાં મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂનમ નિમિત્તે મંદિરમાં સાંજે ૫:૩૦ કલાકે શ્રી કષ્ટભંજનદેવનું દિવ્ય ષોડશોપચાર પૂજનનું આયોજન કરવામાં આવેલ. ફ્લોનો શણગાર સાથોસાથ ફળ, પુષ્પ, ડ્રાયફ્રુટ વિગેરે ધરવવામાં આવ્યા હતા, પુષ્પવર્ષા કરવામાં આવેલ, સાંજે ૭ કલોકે શ્રી કષ્ટભંજનદેવની સંધ્યા આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી, હજારો ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ અનેરા દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ.

# જસદણ શ્રીનાથજી હવેલીમાં આંબા મનોરથનાં ભવ્ય દર્શન યોજાયા



(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ,તા.૨૨

જસદણની શ્રીનાથજીની હવેલીમાં અંબા મનોરથના ભવ્ય અને દિવ્ય દર્શન યોજાયા હતા. સૌરાષ્ટ્રમાં શ્રીનાથજીના તીર્થ તરીકે પ્રસિદ્ધ જસદણની શ્રીનાથજીની હવેલીમાં જેઠ સુદ પૂર્ણિમાના દિવસે આંબા મનોરથના ભવ્યાતી ભવ્ય દર્શન યોજાયા હતા મોટી સંખ્યામાં કેરીઓ ઠાકોરજીને ધરાવવામાં આવી હતી. કેરી વડે સુંદર સજાવટ કરવામાં આવી હતી. આંબા મનોરથ દર્શન પૂર્વે વહેલી સવારે ૫-૩૦ કલાકે જયેષ્ઠાભિષેક સ્નાનના દર્શન યોજાયા હતા. મુખ્યાજી ઘનશ્યામભાઈ જોશીએ ઠાકોરજીને પુષ્ટિમાર્ગનાં વૈષ્ણવ સંપ્રદાયની પ્રણાલિકા મુજબ સ્નાન કરાવ્યું હતું.

વર્ષમાં એક જ વખત સમગ્ર વિશ્વની હવેલીમાં ઠાકોરજીને જેઠ સુદ પૂર્ણિમાના દિવસે વૈષ્ણવોની સમક્ષ સ્નાન કરવાના દર્શન યોજાય છે. આ અનેરા અલૌકિક દર્શનનું વૈષ્ણવોમાં વિશેષ મહત્વ હોય છે.

જસદણ હવેલી ખાતે વહેલી સવારે સાડા પાંચ કલાકે મોટી સંખ્યામાં વૈષ્ણવો આ દર્શન કરવા ઉમટી પડ્યા હતા. આંબા મનોરથના દર્શન બાદ વૈષ્ણવોને પ્રસાદરૂપે કેરી આપવામાં આવી હતી તેમ જસદણ શ્રીનાથજીની હવેલીના પ્રમુખ કિરીટભાઈ પટેલની યાદી જણાવે છે.

# જસદણ પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર દ્વારા યોગ દિવસની ઉજવણી



(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ,તા.૨૨

આરોહણ પ્રોજેક્ટ- ૪ અંતર્ગત પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર-જસદણ દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણી કરવામાં આવી હતી.કમળાપુર આંગણવાડી કેન્દ્ર-૩ પર બાળકો અને સ્વ સહાય જૂથના બહેનો સાથે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણી નિમિતે જાગૃતિ કાર્યક્રમ હાથ ધરેલ હતો. જેમાં યોગ દિવસની ઉજવણીનું મહત્વ અને હેતુ પ્રાચીન પરંપરા, સર્વગ્રાહી સ્વાસ્થ્ય, વૈશ્વિક અપીલ, યોગ દિવસ ૨૦૨૪ થીમ, યોગનો સાંસ્કૃતિક ઈતિહાસ, અષ્ટાંગ યોગ (યોગના ચાર મુખ્ય પ્રકારો અને આઠ ભાગ) અને યોગ દ્વારા શારીરિક બિમારીઓના ઈલાજ, દૈનિક યોગાસન લાભો તેમજ બહેનો સાથે હળવા આસન અને પ્રાણાયામ કરી માનવ જીવનમાં યોગનું મહત્વ સમજાવ્યું હતું. આ કાર્યક્રમનું સફળ સંચાલન કમળાપુર આંગણવાડી કાર્યકર્તા બહેનો રસીલાબેન, રેખાબેન, ઈલાબેન, પારૂલબેન તેમજ પ્રોજેક્ટ ઓફિસર કાજલ ઝાલા પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર દ્વારા કરવામાં આવ્યું હતું.

# સોના અને ચાંદી પર ૩ ટકા જીએસટી દર ઘટાડી ૨ ટકા કરવો

## કેન્દ્રીય નાણામંત્રીની અધ્યક્ષતામાં યુનિયન બજેટ ૨૦૨૪ અંગે મીટીંગ યોજાઈ

## રાજકોટ-સૌરાષ્ટ્રના વેપાર-ઉદ્યોગકારોના વિવિધ પ્રશ્નોની રજૂઆત કરતાં રાજકોટ ચેમ્બર પ્રમુખ





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૨૨

કેન્દ્રીય નાણામંત્રીની અધ્યક્ષતામાં ન્યુ દિલ્હી ખાતે યુનિયન બજેટ ૨૦૨૪ અંગે સુચનો-અભિપ્રાયો જાણવા માટે એક મહત્વની મિટીંગનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સમગ્ર સૌરાષ્ટ્રમાંથી પ્રથમવાર માત્ર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીને આ મિટીંગમાં ઉપસ્થિત રહેવા અને પ્રશ્નો-સુચનો રજુ કરવા માટે આમંત્રણ આપેલ હતું. આ મિટીંગમાં ૧૪ રાજયોમાંથી વિવિધ ચેમ્બરોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેલ હતા. જેમાં રાજકોટ ચેમ્બરના પ્રમુખ વી.પી. વૈષ્ણવ અને ટ્રેઝરર વિનોદભાઈ કાછડીયા ખાસ ઉપસ્થિત રહીને રાજકોટ-સૌરાષ્ટ્રના વેપાર-ઉદ્યોગકારોને પડતી મુશ્કેલીઓ અને તેના યોગ્ય નિરાકરણ લવવા તેમજ આગામી યુનિયન બજેટ ૨૦૨૪માં રાજકોટ ચેમ્બરના નીચે મુજબના વિવિધ પ્રશ્નોનો સમાવેશ કરવા ભારપુર્વક રજુઆત કરવામાં આવેલ.

(૧) ઈન્કમટેક્ષ એકટ ૧૯૬૧ ના સેકશન **43B(h)** ના અમલવારી અંતર્ગત પેમેન્ટની ચુકવણી માટે ૪૫ દિવસની સમય મર્યાદા નકિક કરવામાં આવેલ છે. આ સેકશનમાંથી નિકાસકારોને મુકિત આપવી. કારણ કે નાના નિકાસકારો ખાસ કરીને **MSME** હેઠળ આવતા ઉત્પાદન કરીને નિકાસ કરનાર એકમોને ખુબ જ મુશ્કેલીઓ પડી રહી છે. નિકાસકારોનો સમગ્ર વ્યવહાર પ્રક્રિયા તેના સલંગ્ન ડોક્યુમેન્ટસ અને લેટર ઓફ ક્રેડીટ મુજબ ૧૨૦ દિવસ સુધીની હોય છે. તેથી નિકાસકારો માટે આ ૪૫ દિવસની સમય મર્યાદા અનુરૂપ ન હોવાના કારણે તેઓને સેકશન **43B(h)** માંથી મુકિત આપવી.

(૨) ઈન્કમટેક્ષ એકટ ૧૯૬૧ હેઠળ તમામ કંપનીઓ જેવી કે, પ્રાઈવેટ લીમીટેડ, લીમીટેડ, સ્મોલ / પ્રોપ્રાઈટરી / પાર્ટનરશીપ ફર્મ અને એલએલપી માટેનો ટેક્ષ બેનીફીટનો સ્લેબ સમાન રાખી આવા એકમોને **Minimum Alternate Tax ("MAT")** ની અમલવારીમાંથી બાકાત રાખવા.

(૩) પ્રમાણીક કરદાતાઓને યોગ્ય રિવોર્ડ અને ઈન્સેન્ટીવ આપવા જોઈએ. જેથી કરીને અન્ય કરદાતાઓ નિયમસર ટેક્ષ ભરવા માટે પેરણા મેળવે તથા ટેક્ષ માળખું અને વહીવટી વ્યવસાયીક રોકાણ માટેના નિર્ણયો પર મહત્વપુર્ણ પ્રભાવ પડશે.

(૪) ઈન્કમટેલ એક્ટ ૧૯૯૧ માં જુની અને નવી બે સ્કિમો પ્રસ્થાપીત છે. તેથી માત્ર નવી સ્કિમને જ અમલીકૃત કરી, આ સ્કિમમાં હોમ લોન, તેના ઉપરનું વ્યાજ તથા લોન ચુકવણીના લાભોનો સમાવેશ કરવો. આ પ્રકારના લાભો મળવાથી માનનીય વડાપધાન નરેન્દ્રભાઈ મોદીજીના ''ઘરના ઘર'' નું સપનું સાકાર થાય અને દરેકને પોતાનું ઘર પ્રાપ્ત થાય.

(૫) હાલના ઈન્કમટેક્ષ સ્લેબમાં નીચે મુજબ ફેરફાર કરવા. રૂ. ૧૦ લાખ સુધી **NIL,** રૂ. ૧૦ લાખ થી રૂ. ૧૫ લાખ સુધી, રૂા. ૧૫ લાખ થી રૂ. ૨૦ લાખ સુધી, રૂ. ૨૦ લાખ થી રૂા. ૨૫ લાખ સુધી, રૂ. ૨૫ લાખ થી રૂા. ૩૦ લાખ સુધી ૨૦% જો આ મુજબ સ્લેબ રેસીયો કરવામાં આવે તો ઈન્કમટેશની આવકમાં ઘટાડાને બદલે વધારો થશે અને ઘણા નવા કરદાતાઓ વધશે.

(૬) કેન્દ્ર લેવલે તથા રાજય લેવલે કાયમી જીએસટી સંકલન સમિતિની રચના કરવી, જેમાં કેન્દ્ર લેવલે નાણામંત્રી તથા રાજ્ય લેવલે જે તે રાજ્યના નાણામંત્રીની અધ્યક્ષતા રહેશે. આ સંકલન સમિતિમાં લીડીંગ ચેમ્બરો એસોસીએશનો નો સમાવેશ કરવો. આ જીએસટી કાઉન્સીલની મિટીંગ દર ૩ મહિને મળતી હોય. આ સંકલન સમિતિની મિટીંગ દર દોઢ મહિને બોલાવવી. જેથી દરેક રાજય લેવલના નાના મોટા પ્રશ્નોનું નિરાકરણ ત્યારે જ થઈ શકે. જેથી કરીને ૭૦% જેટલા પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવી શકાય અને જીએસટી કાયદાને અમલીકરણ કરવામાં સરળીકરશ કરી શકાય.

(૭) તમામ પેટ્રોલીયમ પ્રોડકટસ અને નેચરલ ગેસને જીએસટી અંતર્ગત સમાવેશ કરવો.

(૮) જીએસટી અમલીકરણ થયા બાદ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ના સમયગાળા દરમ્યાન જીએસટી કાઉનસીલ દ્વારા ઘણા બધા ફેરફારો કરવામાં આવેલ હતા. આવા વારંવાર ફેરફારોને કારણે તે સમયગાળા દરમ્યાન કરદાતાઓ સપ્લાય દ્વારા ફાઈલ કરાયેલ રીટર્નનના સંદર્ભમાં **ITC** નો લાભ મેળવી શક્યા નથી. જેથી સરકારને અનુરોધ કરવામાં આવે છે કે ફક્ત આટલા સમયગાળાની જ પડતર સમસ્યાઓના યોગ્ય નિરાકરણ માટે **OTS (One Time Settlement Scheme)** અમલમાં મુકવી. આ સ્કિમ અમલમાં મુકવાથી કરદાતાઓના અનેક પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ આવશે. તેમજ સરકારના કામના ભારણમાં ઘટાડો થશે અને વાસ્તવીક કરદાતાઓને યોગ્ય ન્યાય મળશે.

(૯) સોના અને ચાંદી પરનો હાલનો ૩% જીએસટી દર ઘટાડીને ૨% કરવો. અગાઉ આના પર વેટનો દર ૧% હતો. તો હલાનો ૨% દર કરવાથી આમ જનતા ૧૦૦% બીલીંગ તરફ વળશે અને દાણચોરી જેવા દુષણો ઉપર કન્ટ્રોલ થશે.

(૧૦) ૫% જીએસટીના સ્લેબમાં સમાવિષ્ટ તમામ આઈટમો યથાવત રાખવી.

(૧૧) જીએસટી અંતર્ગત ૧૨% દર ધરાવતી આઈટમોમાંથી મેરીટના આધારે ઘણી આઈટમોને ૧૨% ના બદલે ૫% ના દરમાં સમાવિષ્ટ કરવી.

(૧૨) ૧૨% અને ૧૮% ના ટેક્ષદરમાં સમાવિષ્ટ તમામ આઈટમોને કલબ કરી બે ને બદલે એક જ જીએસટી દર નવો ૧૪% કરી. આ દર તમામ આઈટમોને લાગુ પાડવો.

(૧૩) ૨૮% ના જીએસટી દર હેઠળ સમાવિષ્ટ તમામ આઈટમો યથાવત રાખવી.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ઉપરોક્ત વિવિધ પ્રશ્નો-સૂચનોની કરાયેલ રજુઆત અંગે કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિયારામનજીએ હકારાત્મક અભિગમ દાખવી યોગ્ય નિરાકરણ લાવવા ખાત્રી આપેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની યાદીમાં જણાવેલ છે.

## કેન્દ્ર સરકારના ગેઝેટમાં હીરાસર એરપોર્ટનું નામ દાખલ થતાં

# જુના એરપોર્ટની એનઓસી હવે બિલ્ડરો માટે જરૂરી નહિ

### પશ્ચિમ રાજકોટમાં અનેક ગગનચુંબી ઈમારતોના અટવાયેલા પ્રોજેકટ હવે ધમધમતા થશે

### પરેશ ગજેરાના માર્ગદર્શનમાં પદાધિકારીઓ દ્વારા ઉચ્ચસ્તરીય રજૂઆતો થતી હતી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૨૨: માત્ર ત્રણ-ચાર દિવસ પહેલા જ રાજકોટ બિલ્ડર એસોસિએશન તરફથી કેન્દ્ર સરકારના સિવિલ એવિએશન પ્રધાન રામમોહન નાયડુને પ્રતિનિધિઓ મળ્યા હતા અને રજૂઆત કરી હતી કે રાજકોટના પશ્ચિમ વિસ્તારના જુના વિમાનઘર સંબંધિત એરપોર્ટ ઓથોરિટી અને રાજકોટ મ્યુનિસિપલ



કોર્પોરેશન તરફથી બાંધકામના વિકાસમાં ઘણી જ તકલીફ પડી રહી છે અને કોર્પોરેશન દ્વારા એરપોર્ટ ઓથોરીટીની એનઓસી માંગવામાં આવે છે એની સામે વાસ્તવિકતા એ છે કે હવે એરપોર્ટ રાજકોટના પશ્ચિમ વિસ્તારમાંથી પૂર્વ વિસ્તારમાં હીરાસર ખાતે ખસી ગયું હોવાથી જૂના એરપોર્ટ આજુબાજુમાં ક્યાંય એનોસી લેવાની થતી નથી.

કેન્દ્રના નાગરિક ઉડ્ડયન મંત્રી નાયડુ એ આ વાતને ગંભીરતાથી લઈને તાત્કાલિક એનો ઉકેલ લાવવા માટે પ્રયત્ન કરતા કેન્દ્ર સરકારના ગેજેટમાં રાજકોટના જુના એરપોર્ટની જગ્યાએ હિરાસર એરપોર્ટનું નામ ઉમેરી દેવામાં આવ્યું છે અને જુના એરપોર્ટને રદ કરવામાં આવ્યું છે. જેથી હવે રાજકોટના પશ્ચિમ વિસ્તારના બિલ્ડરોએ જુના એરપોર્ટ ઓથોરિટી પાસેથી કોઈ સર્ટિફિકેટ લેવાનું થતું નથી. આને કારણે બાંધકામ ક્ષેત્રનો હવે ઝડપી વિકાસ થશે અને ઘણા લાંબા સમયથી પડતર રહેલી મંજૂરીઓ અને પ્રોજેક્ટ ઝડપથી ગતિમાં આવશે.

આ કામ કરવા માટે રાજકોટ બિલ્ડર એસોસિએશનના ઉપપ્રમુખ ધ્રુવિક તળાવિયા, કમલ સોનવાણી તથા પ્રિતેશ પીપળીયાએ સખત મહેનત કરી હતી અને સમગ્ર બાંધકામ ક્ષેત્રના ઉદ્યોગપતિઓને રાહત આપી હતી. છેલ્લા ઘણા સમયથી રાજકોટ બિલ્ડર એસોસિએશન ક્રેડાઈ તરફથી પ્રમુખ પરેશભાઈ ગજેરાના માર્ગદર્શનમાં પદાધિકારીઓ દ્વારા ઉચ્ચસ્તરીય રજુઆતો થતી હતી તેનું હવે શુભ પરિણામ આવ્યું છે. અગાઉ તત્કાલીન અને હવે પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારિયાએ પણ કેન્દ્ર સરકારમાં આ સમસ્યા ઉકેલવા રજુઆતો કરી હતી. હવે ગેજેટમાં નવા એરપોર્ટનું નામ ઉમેરાતાં તથા જુના એરપોર્ટનું નામ રદ થતાં એ વિસ્તારમાં પણ ગગનચુંબી ઈમારતો બનવાની સંભાવના વધી ગઈ છે. તમામ મંજુરીને વાંકે અટવાયેલા પ્રોજેક્ટ હવે ધમધમતા થઈ જશે.

## પૂર્વ ધારાસભ્ય ગોવિંદ પટેલના કાર્યાલય ખાતે પ્રધાનમંત્રી આયુષ્માન કાર્ડનો કેમ્પ યોજાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૨૨

પ્રધાનમંત્રી આયુષ્માન કાર્ડનો એક કેમ્પ તા.૨૩/૬ ને રવિવારના રોજ રાજનગર ચોક ખાતે આવેલ ''અમૃત સ્કવેર'' બિલ્ડીંગમાં પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલના કાર્યાલય ખાતે રાખવામાં આવેલ છે યાદીમાં જણાવ્યું છે કે આ કેમ્પનો સમય સવારના ૯ થી ૧૧ વાગ્યા સુધીનો રહેશે. અરજદારે (૧) આવકનો દાખલો (૨) આધારકાર્ડ (૩) રેશનકાર્ડ (૪) પહેલી વખત આવતા હોય તો ઘરની મુખ્ય વ્યક્તિએ હાજર રહેવું (૫) બીજી વખત આવતા હોય તો મુખ્ય વ્યક્તિ સાથે બધા જ સભ્યોએ સાથે હાજર રહેવું જરૂરી છે.(૬) ઓટીપી માટે આધારકાર્ડ રજીસ્ટર કરાવેલ નંબરવાળો મોબાઈલ સાથે રાખવો જરૂરી છે. તથા વૃદ્ધ પેન્સન જેને ચાલુ હોય તેને દર વર્ષે જુલાઈ મહિનામાં મામલતદાર કચેરીએ બેન્કની પાસબૂક અને આધારકાર્ડ લઈને રીન્યુ કરાવી લેવું નહિ તો ગમે ત્યારે પેન્સન આવતું બંધ થઇ જશે.

વિશેષ ઘટતી માહિતી માટે આ વિભાગની કામગીરી સંભાળતા હસુભાઈ પટેલ ૯૧૦૬૧૭૫૭૩૫ નો સંપર્ક કરવો કેમ્પની સંપૂર્ણ વ્યવસ્થા તેમની સેવાભાવી કાર્યકર્તાની ટીમ સંભાળી રહેલ છે તેમ એક યાદીમાં જણાવેલ છે.

સમાજના જરૂરિયાતવાળા માનવીને સરકાર દ્વારા મળતી સહાય અને અન્ય રૂપે મદદરૂપ બની શકાય તે માટે પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ સતત ૫૦ વર્ષથી પ્રયત્ન કરતા રહ્યા છે.એવી અત્યંત જરૂરિયાતવાળી સેવા એટલે કે (૧) દેહદાન (૨) ચક્ષુદાન, (૩) કીડનીદાન શરીરના દરેક અવયવોના દાન સેવા કરવા જઇ રહ્યા છે, તો આ અદભુત સેવાકાર્યમાં સાથ સહયોગ અને સહકાર સાચા હૃદયથી આપવા નમ્ર વિનંતી.

દેહદાન માટેનો સંકલ્પ પત્ર ભરવા માટે દર રવિવારે સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ સુધી હસુભાઈ પટેલ અણદાણી-૯૧૦૬૧ ૭૫૭૩૫ નો પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલની ઓફિસે સંપર્ક કરવો. આ સેવાકીય પ્રવૃત્તિ જનકલ્યાણ ટ્રસ્ટ ઉમેશભાઈ મહેતાના સહયોગથી શરૂ કરાય છે.

# રાજુલાના જુની માંડરડી ગામે ખેડૂતોને તાકીદે પાક વિમો ચૂકવવા માંગ

### માંડરડી સેવા સહકારી મંડળીના પ્રમુખ દ્વારા કૃષિમંત્રીને રજૂઆત

**(ધર્મેશ મહેતા દ્વારા)**

રાજુલા,તા.૨૨

રાજુલા તાલુકાના જુની માંડરડી ગામના પાંચ જેટલા ખેડૂતોને વર્ષ ૨૦૧૯ માં પ્રધાનમંત્રી ફસલ વિમા યોજના અંતર્ગત ૨૦૧૯ ના વર્ષ દરમિયાન જુની માંડરડી ગામના ખેડૂતોને પાક વિમામા વિસગંગતા સર્જાઇ હતી. જેથી બાકી રહેલા ગામના ખેડૂતોને આજદીન સુધી વર્ષ ૨૦૧૯નો પાક વિમો ચુકવવામા આવેલ ન હોવાથી જુની માંડરડી સેવા સહકારી મંડળીના પ્રમુખ રમેશભાઇ વસૌયા દ્વારા કૃષિમંત્રી રાધવજીભાઇ પટેલને પત્ર દ્વારા રજુઆત કરવામા આવી છે. જેમા



જણાવેલ કે, અમારી જુની માંડરડી ખેતિ વિષયક સેવા સહકારી મંડળી લી. નાં ખેડુત ખાતેદારોએ વર્ષ.૨૦૧૯ માં પાક ધિરાણ મંડળી દ્વારા લીધેલ હતું જેનું પ્રિમીયમ પણ વિમા કંપનીને ઓનલાઇન ભરવામાં આવ્યુ હતુ.

જેમાં ૫ થી ૬ ખેડુતોને વિમા કંપની દ્વારા વિમો તેમનાં બેન્ક ખાતામાં મહદ અંશે જમા કરવામાં આવેલ. તેમજ બાકી રહેલા ખેડુતોને આજદિન સુધી ચુકવેલ નથી. અને ખેડૂતોએ વિમા પ્રિમીયમ પણ ભરેલ છે છતાંપણ આજદિન સુધી યુનિવર્સલ સોમ્પો જનરલ ઈન્શ્યોરન્સ કંપની દ્વારા વિમો ચુકવવામાં આવેલ નથી.

આ બાબતે ખેડુતોએ વિમા કંપનીને ઈ-મેઈલ દ્વારા પણ જાણ કરી હતી. પરંતુ કંપનીના અધિકારીઓ દ્વારા વિમો ચુકવેલ ન હોવાથી ખેડૂતોમા ભારે રોષ જોવા મળ્યો હતો. અને મંડળી દ્વારા ખેડુતોને અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી. મારફત ધિરાણ આપી અને ઓન-લાઈન વિમા પ્રિમીયમ ભરી તેની સ્લીપ બેન્કને આપેલ. ત્યારે અમારી માંગણી છે કે, ખેડુતોનાં હિતમાં તાત્કાલીક નિર્ણય લેવામા આવે તેમજ બાકી રહેલા ખેડૂતોને તાત્કાલીક વિમો ચુકવવામાં આવે તેવી રમેશભાઇ વસૌયા દ્વારા માંગ કરવામા આવી છે.

# ગુજરાત સીનિયર સીટીઝન પેન્શનર્સ એસોસીએશનની મીટીંગ યોજાઈ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૨૨

ભારતીય મજદુર સંઘ સાથે સંલગ્ન વરિષ્ઠ નાગરિક પરીસંઘ રાજકોટ જીલ્લાની કારોબારીની મીટીંગ ભારતીય મજદુર સંઘ કાર્યાલય રાજકોટ ખાતે રાખવામાં આવેલ હતી.

આ કારોબારીની મીટીંગમા તાજેતરમાં અર્નાકુલમ (કોચી) ખાતે મળેલ મીટીંગની માહીતી આપવામાં આવેલ અત્યારે આપણે ૧૯ રાજ્યમાં કમીટીની રચના થઈ ગયેલ છે અને આશરે ૨૫ થી વધુ પેન્શનર એસોશીયેશન સાથે જોડાયેલ છે, તે અંગે માહીતી આપવામાં આવી.

આગામી સમયમા વરીષ્ઠ નાગરીક અને પેન્શનરોના પ્રશ્નો અને સમસસ્યાઓ અંગે કેન્દ્ર તથા રાજ્ય સરકારોમાં રજુઆત કરવી, પી.એફ, પેન્શન-કેન્દ્ર તથા રાજ્ય સરકારના કર્મચારીને ૫૦ ટકા પેન્શન અંગે કાર્યવાહી કરવી વૃધ્ધોની સંખ્યા વધતી જતી હોવાથી સામાજીક સુરક્ષા, આરોગ્ય, સ્વાસ્થ, મેડીકલ અગવડતા આયુશ્યમાન કાર્ડ રેલ્વેમાં કન્સેશન ચાલુ કરાવવુ, બેન્ક ફળચામાં જાય તો ત્યારે ૧૦ લાખ રૂપીયાની જે જોગવાઇ છે તેની મર્યાદા રૂપીયા ૨૫ લાખ કરવા નિરાધાર વરિષ્ઠ નાગરીકો માટે આશ્રય સ્થાન સાથે સંપુર્ણ આર્થિક વ્યવસ્થા કરવી જેથી આવા વૃધ્ધો સ્વમાન સાથે જીવન વ્યતિત કરી શકે આવી વિવીધ સમસ્યાઓ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવેલ આગામી ત્રિવાર્ષિક અધીવેશન જયપુર ખાતે રાખવામાં આવેલ છે.

આ જીલ્લા કારોબારીમાં વરિષ્ઠ નાગરીક પરીસંઘના રાષ્ટ્રીય અધ્યક્ષ હસુભાઇ દવે દિનેશ રામાવત વગેરે હોદ્દેદારોએ હાજરી આપી હતી.

# રાજુલાના મોટા આગરીયા ગ્રામજનો દ્વારા ફોર લેન રોડ બનાવાની માંગ

### પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું

**(ધર્મેશ મહેતા દ્વારા)**

રાજુલા,તા.૨૨

રાજુલા તાલુકાના મોટા આગરીયા ગામેથી પસાર થતો ફોર લેન રોડ જે સંપાદન થયેલ જમીન પરજ બનાવવાની માંગ સાથે ગ્રામજનો દ્વારા પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી રજુઆત કરવામા આવી હતી. જેમા જણાવેલ કે, હાલ રાજુલાથી બાઢડા સ્ટેટ હાઈવે ફોર લેન રોડની સરકાર દ્વારા સૈધ્ધાંતિક મંજુરી મળેલ છે. આ રોડ મોટા આગરીયા ગામેથી પસાર થાય છે. હાલ જે હૈયાત રોડ છે તે બે માર્ગીય છે. જે ઘણા વર્ષ પહેલાનો છે. સરકાર દ્વારા ચાર માર્ગીય રોડ માટે મોટા આગરીયાની પશ્ચિમ બાજુએ જમીન સંપાદન કરી ખેડૂતોને વળતર ચુકવી આપેલ છે. આ સંપાદિત જમીનમા ખેડૂતો દ્વારા ખેતી કરવામા



આવે છે. હાલના માર્ગ મકાન વિભાગના અધિકારીઓને સંપાદન થયેલ રોડથી અજાણ હોવાથી નવા નાળા પણ જુના હૈયાત રોડ પર કામ ચાલુ કરાયુ છે. પરંતુ અહી નાળા તેમજ ફોર લેન રોડ બનાવવામા આવે તો મકાન પડે તેવી સ્થિતિનુ નિર્માણ થયુ છે. ત્યારે ગ્રામજનોએ માંગ કરી છે કે મંજુર થયેલ ફોરલેન રોડ સંપાદન થયેલ જમીનમા જ બનાવવામા આવે જેથી અગાઉ સંપાદન માટે ચુકવેલ વળતર એળે ન જાય તેમજ સંપાદિત રોડ પર કોઈપણ જાતના વળાંક પણ આવતા નથી. જેથી એજ જમીનમા બનાવવામા આવે અને સંપાદિત રોડ પર કોઈપણ જાતના વળાંક પણ આવતા નથી. જેથી અકસ્માત થવાની શકયતાઓ રહેશે નહી.

આ સાથે જો અમારી માંગ સ્વિકારમાં નહી આવે તો ગાંધી ચીધ્યા માર્ગે આંદોલનની ચિમકી ઉચ્ચારી હતી. ત્યારે મોટા આગરીયા ગામના મોટા સંખ્યામા લોકોએ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી રજૂઆત કરવામા આવી હતી.

# શિક્ષણ પ્રશ્નો માટે સંકલન સમિતિની રચના કરોઃ તખુભાઈ સાંડસુર

### રાજ્ય સરકારને ગુજરાત શૈક્ષણિક મંચના નેજા હેઠળ રજૂઆત

ભાવનગર,તા.૨૨

ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચના સંયોજક અને શિક્ષણકાર તખુભાઈ સાંડસુરે એક નિવેદનમાં જણાવ્યું છે કે શિક્ષણની પ્રવૃત્તિ સાંપ્રત સમયમાં અગ્રતાના તૃતીય ક્રમે મુકાઈ ગઈ છેજે દુઃખદ છે.તેમાં વહીવટની અનેક પ્રકારની આંટીઘુંટીઓ અને તુમારશાહી પણ જવાબદાર છે.કર્મચારીઓ અને શિક્ષણના નીતિવિષયક પ્રશ્નો અલગ અલગ કચેરીઓમાં પહોંચતા પહોંચતા ખૂબ વિલંબ થાય છે. અને તેના કારણે શિક્ષણની પ્રવૃત્તિને સીધી અસર થાય છે.તેને નિવારવા માટે એક સંકલન સમિતિની રચના થવી જોઈએ. શિક્ષણમંત્રીની અધ્યક્ષતામાં તમામ વિભાગોના સચિવો, નિયામકઓ અને કમિશનરઓ જોડાયેલા હોય અને ત્યાં જ તે પ્રશ્નનો ઉકેલ આવે અને જે તે લગત વિભાગ જેમાં નાણાં, સામાન્ય વહીવટ અને શિક્ષણ તમામ વિભાગની જ્યાં મંજૂરીઓની જરૂર હોય તે ત્વરિત રીતે મળી જાય.

તાજેતરમાં ટેટ ટાટના શિક્ષકોની ભરતીનો મુદ્દો હોય, ખાલી જગ્યાઓની પૂર્તતા કરવા માટે જ્ઞાન સહાયક જ્યાં ઉપલબ્ધ ન હોય ત્યાં વિકલ્પે શિક્ષકો આપવાની વાત હોય, બોર્ડના વિવિધ પ્રકારના પ્રશ્નો હોય આ બધી કામગીરીમાં તથા કર્મચારીઓના પ્રશ્નોના ઉકેલમાં પણ ઘણો બધો સમય વીતી જતો હોય છે. તેને નિવારવા માટે દર પંદર દિવસે આ પ્રકારની સંકલન સમિતિની બેઠક રાજ્ય કક્ષાએ મળે અને તેમાં ગત મિટિંગમાં ચર્ચાયેલા પ્રશ્નોની સ્થિતિ અંગે વિચાર વિમર્શ થાય અને ત્વરિત રીતે તેનો નિકાલ થાય તે જરૂરી છે.

જ્યાં જ્ઞાન સહાયક ઉપલબ્ધ નથી ત્યાં ત્વરિત રીતે શિક્ષકો ઉપલબ્ધ કરાવવા માટે તથા તે માટેની નીતિ ઘડવા અને સંકલન સમિતિની રચના કરવા માટે ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચ દ્વારા રાજ્ય સરકારને રજૂઆત કરવામાં આવી છે.

# કલોરાણા ગામના સાંસદ ભરતભાઈ સુતરીયાએ ધારાસભ્ય સાથે મુલાકાત લીધી



**(ધર્મેશ કલ્યાણી દ્વારા)**

જસદણ,તા.૨૨

જસદણ નજીકના કલોરાણા ગામે અમરેલીના સંસદ સભ્ય તથા બાબરાના ધારાસભ્યએ નાનકડા ગામડાની મુલાકાત લીધી હતી.

જસદણ નજીકના કોલોરાણા ગામે અમરેલીના સંસદ સભ્ય ભરતભાઈ સુતરીયા, લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, અમરેલી જિલ્લા પંચાયતના વિરોધ પક્ષના નેતા પ્રતાપભાઈ કોઠીવાળ સહિતના ભાજપના આગેવાનોએ કલોરાણા ગામે મેઘજીભાઈ લીંબાભાઇ ડાભીના ઘરે મુલાકાત લીધી હતી. આ સમયે જુગાભાઈ હકાભાઇ ડાભી ધીરુભાઈ સહિતના ગામના આગેવાનો તથા નગર જેનો ઉપસ્થિત રહ્યા હતા. અમરેલીના સંસદ સભ્ય તરીકે ચૂંટાયા બાદ સાંસદ ભરતભાઈ સુતરીયાની કલોરાણા ગામની આ પ્રથમ મુલાકાત હતી. જસદણ નજીકનું કલોરાણા ગામ નાનકડું ગામડું છે અને વેપાર, ધંધા, ખરીદી, મેડિકલ સહિતની બાબતોમાં તથા ભૌગોલિક રીતે જસદણ સાથે જોડાયેલું છે પરંતુ રાજકીય રીતે બાબરા ધારાસભા વિસ્તાર અને અમરેલી સંસદ સભ્ય વિસ્તાર હેઠળ આ ગામ આવે છે.

## અવસાન નોંધ

ધ્રોલ નિવાસી વાળંદ સ્વ.ભાવનાબેન નવીનભાઈ રાઠોડ (ઉં.વ.૭૦) તે નવીનભાઈ નાનજીભાઈ રાઠોડના પત્ની, મનિષભાઈ (ભીખાભાઈ), સતિષભાઈ (પિન્ટુભાઈ)ના માતા, રમેશભાઈ નાનજીભાઈ રાઠોડ (આમરણ)ના ભાભી, સ્વ. દેવજીભાઈ બજાણીયા (જામનગર)ના દીકરી, સ્વ.શાંતિભાઈ દેવજીભાઈ બજાણીયા, સ્વ.ચંદુભાઈ દેવજીભાઈ બજાણીયા, ગીરધરભાઈ દેવજીભાઈ બજાણીયા, સ્વ. બાબુભાઈ દેવજીભાઈ બજાણીયા, વીનુભાઈ દેવજીભાઈ બજાણીયાના બહેનનું તા.૨૧-૬ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. બંને પક્ષનું બેસણું તા.૨૨-૬ ને શનિવારે સાંજે ૪ વાગ્યાથી ૬ વાગ્યા દરમિયાન તેમના નિવાસસ્થાનની બાજુમાં નવી લોહાણા મહાજન સમાજની વાડી, મારુતિ પાર્ક, જોડિયા રોડ, ધ્રોલ ખાતે રાખેલ છે.

**અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો**

**મો.9429787729**

**email:-saurashtrakranti@gmail.com**

## સીટના વડા સુભાષ ત્રિવેદીએ કહ્યું...

# કોર્પોરેશન તથા પોલીસના ઉચ્ચ અધિકારીઓની ભુમીકાની તપાસ ચાલુ છે

### સીટ દ્વારા સરકારને ૧૦૦ પાનાનો રીપોર્ટ સોંપી દેવાયો

અમદાવાદ,તા.૨૨

રાજકોટમાં ૨૭ લોકોનો ભોગ લેનારા ટીઆરપી ગેમઝોનના ભયાનક અગ્નિકાંડમાં તપાસનીશ 'સીટ' દ્વારા સરકારને ૧૦૦ પાનાનો રિપોર્ટ સોંપી દેવામાં આવ્યો છે જે વિવિધ સરકારી વિભાગોની બેદરકારી સુચવવા ઉપરાંત ગુજરાત પોલીસ કાયદાની કલમ ૩૩માં બદલાવ કરવાની ભલામણ કરી છે. આ સુધારાથી ગેમઝોન જેવા મનોરંજન સ્થળોને વિવિધ લાયસન્સ આપવાની સતા પોલીસને આપી શકાશે.



૧૦૦ પાનાના સીટના વચગાળાના રિપોર્ટમાં પોલીસ કોર્પોરેશન તથા માર્ગ મકાન વિભાગના અધિકારીઓની બેદરકારી દર્શાવીને દોષિત ગણાવ્યા છે. પોલીસ, ફાયરબ્રિગેડ, ટાઉન પ્લાનીંગ (ટીપી) અને માર્ગ મકાન વિભાગની કામગીરીમાં ક્ષતિઓ માલુમ પડી છે અને તેના પુરાવા સાથે રિપોર્ટમાં સરકારનું ધ્યાન દોરવામાં આવ્યુ છે.

સીટના વડા સુભાષ ત્રિવેદીએ કહ્યું કે ગુજરાત પોલીસ કાયદાની કલમ ૩૩માં કેટલાંક સુધારા સુચવવામાં આવ્યા છે. નવા કલમ હેઠળ પોલીસ મનોરંજન તથા ટીકીટ લાયસન્સ આપે છે. કોઈપણ દોષિતને છોડવામાં નહીં આવે. કોર્પોરેશન તથા પોલીસના ઉચ્ચ અધિકારીઓની ભૂમિકાની તપાસ ચાલુ છે.

કોર્પોરેશનના અધિકારીઓએ જીડીસીઆરના નિયમોનો ભંગ કર્યો હતો. માર્ગ મકાન વિભાગે કોઈ ઈન્સપેકશન વિના સર્ટીફીકેટ આપી દીધા હતા. ફાયર વિભાગે ગેમઝોનમાં જરૂરી નિયમોનું પાલન ન હોવા છતાં એનઓસી આપી દીધુ હતું. ગેમઝોનને દોઢ વર્ષ પુર્વે ડીમોલીશન નોટીસ અપાવ્યા છતા પછી કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. અગાઉ પણ એક વખત આગની ઘટના બનવા છતાં કોર્પોરેશન તંત્ર ગંભીર બન્યુ ન હતું.

ગેમઝોનના ઉદઘાટનમાં કોઈ આઈએએસ કે આઈપીએસ અધિકારીઓ ન હતા. જે ફોટા જાહેર થયા છે તે માર્ચ ૨૦૨૨ના હતા અને ત્યારે એક અધિકારીની જન્મદિન પાર્ટીમાં જીલ્લા પોલીસ વડા, જીલ્લા કલેકટર, મ્યુનીસીપલ કમીશ્નર તથા ડીડીઓ ગયા હતા. જરૂર પડયે વધુ અધિકારીઓને પુછપરછ માટે બોલાવાશે.

## તપાસમાં બે રાજકીય આગેવાનોના નામ ખુલ્યાંની ચર્ચા

અમદાવાદ તા.૨૨

રાજકોટના અગ્નિકાંડ વિશે સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ (સીટ) દ્વારા સરકારને ૧૦૦ પાનાનો રિપોર્ટ સોંપી દેવામાં આવ્યો છે. કોર્પોરેશન, પોલીસ તથા માર્ગમકાન વિભાગના અધિકારીઓની બેદરકારી ગણાવીને દોષિત ગણાવવામાં આવ્યા છે. ઉપરાંત એવી ચર્ચા છે કે બે રાજકીય આગેવાનોની ટોળકી પર પણ આંગળી ચિંધવામાં છે અને રાજય સરકારની મંજુરી મળ્યે તેઓ સામે કાનૂની ગાળીયો કસાઈ શકે છે.

તપાસનીશ ટીમોના એક અધિકારીએ કહ્યું કે તપાસમાં બે રાજકીય આગેવાનના નામ ખુલ્યા છે. 'ઉપર'થી મંજુરી મળ્યા બાદ તેમના વિરૂધ્ધ કાનુની કાર્યવાહી શરૂ થઈ શકે છે. એક નેતાએ કોર્પોરેટરોની ટોળકી રચી હતી અને તેના જોરે કોર્પોરેશનના અધિકારીઓ સાથે સંબંધો વિકસાવ્યા હતા. તેના દ્વારા લાયસન્સ કે અન્ય કોઈ નિયમભંગના કિસ્સાઓમાં અધિકારીઓ પર દબાણ કરવામાં આવતુ હતું. નિયમભંગ સામે કોઈ કાર્યવાહી નહીં કરવાની સુચના આપવામાં આવતી હતી.

# તેલંગાણામાં ખેડૂતોની લોન માફ



નવી દિલ્હી, તા.૨૨

તેલંગાણાની રેવંત રેડ્ડી સરકારે મોટો નિર્ણય લીધો છે અને ૧૫મી ઓગસ્ટની સમયમર્યાદા પહેલા ખેડૂતોની લોન માફ કરવાનો નિર્ણય લીધો છે. કેબિનેટે ૩૧,૦૦૦ કરોડ રૂપિયાની કૃષિ લોન માફ કરવાની મંજૂરી આપી છે. આ સંદર્ભમાં, મુખ્યમંત્રી રેવંત રેડ્ડીના નેતૃત્વમાં કેબિનેટની બેઠક યોજવામાં આવી હતી, જે પછી મુખ્યમંત્રીએ કહ્યું કે સરકાર ૧૫ ઓગસ્ટ પહેલા ખેડૂતોની લોન માફ કરશે. પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ તેલંગાણાના ખેડૂતોને અભિનંદન પાઠવ્યા હતા.

રાહુલ ગાંધીએ ટ્વીટ કરીને કહ્યું કે, તેલંગાણાના ખેડૂત પરિવારોને અભિનંદન. કોંગ્રેસ સરકારે તમારી ૨ લાખ રૂપિયા સુધીની તમામ લોન માફ કરીને ખેડૂત ન્યાયના સંકલ્પને પરિપૂર્ણ કરવા માટે એક ઐતિહાસિક પગલું ભર્યું છે, જેનાથી ૪૦ લાખથી વધુ ખેડૂત પરિવારો દેવામુક્ત થશે. જે કહ્યું હતું, મેં કર્યું, આ મારો હેતુ છે અને મારી આદત પણ છે.

**તેલંગાણા કેબિનેટે મુખ્ય પ્રધાન રેવન્ત રેડ્ડીએ રૂ.૩૧,૦૦૦ કરોડની કૃષિ લોન માફ કરવાનો નિર્ણય લીધોઃ રાહુલ ગાંધીએ તેલંગાણાના ખેડૂતોને અભિનંદન પાઠવ્યા**

તેમણે કહ્યું, 'કોંગ્રેસ સરકાર એટલે ગેરંટી કે રાજ્યની તિજોરી ખેડૂતો અને મજૂરો સહિત વંચિત સમાજને મજબૂત કરવા માટે ખર્ચવામાં આવશે, જેનું ઉદાહરણ તેલંગાણા સરકારનો આ નિર્ણય છે. અમારું વચન છે કે કોંગ્રેસ જ્યાં પણ સરકારમાં હશે, તે ભારતના પૈસા ભારતીયો પર ખર્ચ કરશે, મૂડીવાદીઓ પર નહીં.

# જમીન ન કાપવા માટે સાગઠીયાએ ૧ કરોડ માંગ્યાઃ ટી.ડી.પટેલ

### કૃતિ ઓનેલા બિલ્ડીંગમાં ૧૦ ભાગીદાર હતા, જમીન બીન ખેતી કરાવવા વહીવટ થયા હોવાનો આક્ષેપ

રાજકોટ, તા.૨૨

રાજકોટમાં ઓનેલા બિલ્ડીંગના બિલ્ડર ટી.ડી.પટેલે આજે એક પ્રેસ કોન્ફરન્સ કરી હતી જેમાં તેમણે સાગઠીયાએ એક કરોડ માંગ્યા હોવાનો આક્ષેપ લગાવ્યો હતો, જમીન ન કાપવા માટે સાગઠીયાએ એક કરોડ માંગ્યા હતા અને ૮૦ લાખનું છેલ્લે સેટલમેન્ટ થયુ હોવાનો આરોપ લાગ્યો છે. તો ટીડી પટેલનું કહેવું છે કે આ ૮૦ લાખ રૂપિયા જેરામ કુંડારિયાએ સાગઠીયાને આપ્યા હતા





ટીડી પટેલનું કહેવું છે કે, સાગઠીયાના વહીવટમાં મુખ્ય વહીવટ કરનાર જેરામભાઈ છે.જેરામભાઈ પણ જીઈબીમાં અધિકારી હતી,ફાઈનલ પ્લોટ કાપ્યા વગર ઓન પેપર છે.સાગઠીયાનો વહીવટદાર જેરામ એ લોકોના રૂપિયા લઈ ઝેર પીવાના નાટક કરે છે.અગાઉ પણ ઝેરી દવા પીવાનું નાટક કર્યુ હતુ, એટલે જેરામ પણ સાગઠીયાની બધી દુખતી નસ જાણે છે

ઓનેલા બિલ્ડીંગના માલિકનું કહેવુ છે કે, મનસુખ સાગઠીયા એ ભ્રષ્ટ અધિકારી છે અને રૂપિયા સિવાય કંઈ કામ કરતો નથી,મે આ બાબતે મૂખ્યમંત્રીને પણ પત્ર લખ્યો હતો અને જણાવ્યું હતુ કે, TPOને જીવનભર કેમ એક જ જગ્યાએ રાખો છો.બિલ્ડર પોતાના કામ માટે ૨૫ થી ૫૦ લાખ આપી દે છે આવા અધિકારીને.કૃતિ ઓનેલા બિલ્ડિંગમાં ૧૦ ભાગીદાર કુલ હતા.જમીન બિન ખેતી કરાવવા પણ વહીવટ થયો હતો.

રાજકોટ એસીબીએ ટીઆરપી ગેમઝોનના અગ્નિકાંડની ઘટના બાદ માત્ર ૨૦ દિવસના ટૂંકાગાળામાં પૂર્વ ટીપીઓ મનસુખ સાગઠિયાની ૧૧ કરોડથી વધુની અપ્રમાણસરની મિલ્કતો શોધી કાઢી હતી અને સાગઠીયાએ ૧-૦૪-૨૦૧૨થી અત્યાર સુધીમાં કરેલા ભ્રષ્ટાચારથી તેઓએ કઈ-કઈ મિલ્કત ખરીદી, તેઓએ ક્યા દેશનો પ્રવાસ કર્યો સહિતની તમામ વિગતો જાહેર કરવામાં આવી હતી

રાજકોટના TRP ગેમ ઝોન અગ્નિકાંડ માટે જવાબદારો સામે ઝડપથી તપાસ કરવા માટે રાજ્ય સરકારે સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમની રચના કરી છે, આ **SIT**એ તાપસ બાદ તૈયાર કરેલો રિપોર્ટ સરકારને સોંપી દેવામાં આવ્યો છે, જેમાં રાજકોટના ફાયર વિભાગ સહીત અન્ય વિભાગોના ઘણા અધિકારીઓની બેજવાબદારી સામે આવી છે. જોકે ઉચ્ચ કક્ષાના અધિકારીઓની ભૂમિકા અંગે તપાસ હજુ ચાલી રહી છે.અગાઉ **SIT**એ ૨૦ જૂન એટલે કે ગઇકાલે રિપોર્ટ સરકારને સોંપવાનો હતો પરંતુ તાપસ પ્રક્રિયા ચાલુ હોવાથી, રીપોર્ટ સોંપવામાં વિલંબ થઇ રહ્યો હતો. ગઇકાલે મોડી રાત સુધી નિવેદનો નોંધવાની પ્રક્રિયા ચાલી હતી.

ચાર વિભાગોની બેજવાબદારી સામે આવી છે, આ સમગ્ર ઘટનામાં ફાયર વિભાગ, પ્લાનિંગ વિભાગ, લાયસન્સ બ્રાંચ સહિત પોલીસ વિભાગના વિભાગો અને બાંધકામ વિભાગના કર્મચારીઓની બેદરકારી સામે આવી છે. સરકાર ઉચ્ચ અધિકારીઓ વિરૂદ્ધ કડક કાર્યવાહી કરી શકે છે

રાજકોટ ખાતે સર્જાયેલા ચકચારી અગ્નિકાંડમાં તપાસ દૌર ચાલી રહ્યો છે. એક પછી એક જવાબદારો વિરૂદ્ધ કડક પગલાં ભરવામાં આવી રહ્યા છે. ત્યારે તપાસ રેલો રાજકોટના સસ્પેન્ડેડ ટાઉન પ્લાનિંગ ઓફિસર મનસુખ સાગઠિયા સુધી પહોંચ્યો હતો. એન્ટી કરપ્શન બ્યુરોએ મનસુખ સાગઠિયા વિરૂદ્ધ વધુ એક ફરિયાદ દાખલ કરી છે. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન સસ્પેન્ડેડ ટાઉન પ્લાનિંગ ઓફિસર સામે અપ્રમાણસર મિલકતનો ગુનો નોંધી તેમની સાથે સંકળાયેલા ત્રણ સ્થળોએ દરોડા પાડયા હતા.

## ભઠ્ઠાની ગરમ રાખમાં પડી ગયેલા શ્રમિકના દોઢ વર્ષના પુત્રનું મોત

રાજકોટ, તા.૨૨

રિબડાથી ગુંદાસરા જતા રોડ પર આવેલ યોગી બ્રિક્સ નામના કારખાનામાં ભઠ્ઠાની ગરમ રાખમાં પડી ગયેલા શ્રમિકના દોઢ વર્ષના પુત્રનું મોત થયું હતું. બનાવથી ચકચાર મચી ગઇ છે.

બનાવની વિગત મુજબ, રિબડાથી ગુંદાસરા જતા રોડ પર આવેલ યોગી બ્રિક્સ નામનું બ્લોક-ઈંટ બનાવતું કારખાનું આવેલ છે. અહીં મૂળ મધ્યપ્રદેશના વિનોદભાઈ પલાસીયા પોતાના પરિવાર સાથે મજૂરી કરે છે અને અહીં જ રહે છે. તેમને સંતાનમાં દોઢ વર્ષનો પુત્ર બાદલ હતો. બનાવના દિવસે તા.૧૬ જુનના રોજ વિનોદભાઈ અને તેના પત્ની ભઠ્ઠામાં કામ કરી રહ્યા હતા અને દોઢ વર્ષનો બાદલ ત્યાં રમતો હતો.

રમતા રમતા બાળક ભઠ્ઠાની ગરમ રાખમાં પડી જતા માતા - પિતાની ચીસ નીકળી ગઈ હતી. ઝડપથી ભઠ્ઠાની રાખમાંથી ઉપાડી બાળકને તત્કાલ ગોંડલની હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ. જ્યાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવેલ.

અહીં તા.૨૧ના રોજ બાળકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. બનાવના પગલે ગોંડલ તાલુકા પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો અને વધુ તપાસ હાથ ધરી હતી. બનાવથી પરપ્રાંતિય મજૂર પરિવારમાં શોક છવાયો હતો.

## જાહેરમાં ગંદકી કરવા બદલ ક્રિષ્ના પાન ટી સ્ટોલ સીલ



રાજકોટ, તા.૨૨

શહેરમાં ઢેબર રોડ, ST બસ સ્ટેન્ડ સામેની ક્રિષ્ના પાન ટી સ્ટોલ દ્વારા જાહેરમાં સ્વચ્છતા જાળવતા ન હોવાથી અને ગંદકી સબબ ન્યુસંન્સ ફેલાવતા હોવાથી જાહેર આરોગ્યને નુકસાન કરે તે રીતે જાહેર ગંદકી તેમજ કચરો કરવામાં આવતો હોય, આ બાબતે નોટીસ આપી, વહીવટી ચાર્જની વસુલાત કરવામાં આવેલ. આ ઉપરાંત આ શોપના સંચાલકોને જાહેરમાં ગંદકી ન કરવા તેમજ સ્વચ્છતા જાળવવા અવાર-નવાર સુચના આપવામાં આવેલ. તેમ છતાં જાહેર સ્વચ્છતા ન જળવતા તા. ૨૧/૬ના રોજ સ્થળ તપાસ કરતાં શોપની આસપાસ ખુબજ ગંદકી તેમજ કચરો જોવા મળેલ હતો. જેથી તા. ૨૧/૬ના ક્રિષ્ના પાન ટી સ્ટોલના સંચાલકોને નોટીસ આપીને સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ.




# સંજય પિત્રોડા સાળાના ઘરે જઇ શરીરે પેટ્રોલ છાંટી સળગી ગયા

### છુટાછેડાના કાગળો તૈયાર થયા બાદ પત્નિ-સાળા પૈસા માંગી હેરાન કરતાં હોવાનો આક્ષેપઃ સારવાર હેઠળ

રાજકોટ, તા.૨૨

શહેરના કોઠારીયા રોડ હુડકો ચોકડી પાસે રોડ પર જ મણીરાજ સાડી નામની દૂકાન સામે આવેલા મકાનમાં ભાડેથી રહેતાં સંજયભાઇ ગોવિંદભાઇ પિત્રોડા (ઉ.વ.૪૮) નામના આધેડે રાતે કોઠારીયા રોડ મેહુલનગરમાં રહેતાં સાળા બિપીનભાઇ રાઠોડના ઘરે જઇ શરીરે પેટ્રોલ છાંટી કાંડી ચાંપી લેતાં ગંભીર રીતે દાઝી જતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે. પત્નિ અને સાળાને છુટાછેડાના કાગળો પર સહિ કરાવી લીધી હોઇ અને હવે પૈસા માંગતાં હોઇ તેના કારણે પગલુ ભર્યાનું તેણે જણાવ્યું હતું.



સંજયભાઇ પિત્રોડા રાતે મેહુલનગરમાં સળગી જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના કેતનભાઇ નિકોલા અને તૌફિકભાઇ જુણાચે ભક્તિનગર પોલીસને કરી હતી. સંજયભાઇ ત્રણ ભાઇ અને એક બહેનમાં ત્રીજા છે. મુળ પોરબંદરના વતની છે. ઘણા સમયથી રાજકોટ રહે છે. તેમના ભાઇ સહિતના કુટુંબીજનો પોરબંદર રહે છે. રાતે સંજયભાઇએ સાળાના ઘરે જઇ અગ્નિસ્નાન કરી લેતાં કોઇએ ૧૦૮ બોલાવતાં તેને સિવિલમાં ખસેડાયા હતાં. ૧૦૮ના તબિબે સંજયભાઇના ૧૫ વર્ષના દિકરા કશ્યપને ફોન કરી જાણ કરી હતી.

સંજયભાઇએ હોસ્પિટલના બિછાનેથી જણાવ્યું હતું કે મારા પત્નિનું નામ ચેતના છે. હું કારખાનામાં કામ કરુ છું. પાંચેક વર્ષથી અમારે પતિ-પત્નિ વચ્ચે માથાકુટ ચાલે છે. ખોટી શંકા કરી તેણી ઝઘડા કરે છે. હું ઘરમાં પૈસા પુરા આપતો નથી તેમ કહીને પણ ઝઘડા કરે છે. ગત તા. ૧ના રોજ પણ ઝઘડો થતાં તેણીએ મહિલા પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં મને ત્યાં બોલાવાયો હતો. જ્યાં પોલીસે અમને બંનેને સમજાવ્યા હતાં. એ પછી તેણી ત્યાંથી જ તેના માવતરે જતી રહી હતી. છુટાછેડાના કાગળો તૈયાર થઇ ગયા હોઇ તેમાં મારી સહીઓ પણ કરાવી લીધી હતી. હવે મારી પાસે પત્નિ, સાળો સહિતના પૈસાની માંગણી કરે છે. ગઇકાલે મારા દિકરાની તબિયત સારી ન હોઇ હું પત્નિને સમજાવવા ગયો હતો. એ વખતે સાળાના ઘરે ચડભડ થતાં હું પેટ્રોલ સાથે લઇને જ ગયો હોઉ મારા શરીરે છાંટી કાંડી ચાંપી લીધી હતી. સંજયભાઇએ સંતાનમા એક પુત્ર છે. ભક્તિનગર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો
ફક્ત રૂા.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.